અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ મે ૨૦૨૪, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૩

વર્ષ : ૧૫
અંક : ૨૯૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ગેમ ઝોનમાં જનારા લોકો પાસે એન્ટ્રી પહેલાં ફોર્મમાં સહી લેવાતી હતી

## લોકો પાસેથી કાગળ પર સહી કરાવીને બાંહેધરી લેવાતી હતી કે કોઈનું મોત થાય તો પણ તમે લીગલ એક્શન નહીં લઈ શકો : અત્યાર સુધી ૩૩ના મોત

। રાજકોટ, તા.૨૬ ।

રાજકોટના TRP ગેમ ઝોનમાં લાગેલી આગમાં અત્યાર સુધી ૩૩ લોકોના મોત થયા છે જેમાં ઘણા બાળકો પણ છે. આ ગેમ ઝોનની ગેરકાયદે પ્રવૃત્તિ વિશે હવે એક પછી એક પડદા ઉંચકાઈ રહ્યા છે. ગેમ ઝોનમાં જનારા લોકો પાસે એન્ટ્રી પહેલાં એક ફોર્મમાં સહી લેવામાં આવતી હતી જેમાં ઢગલાબંધ શરતો હતી. આ શરતો સ્વીકાર્યા પછી જ વ્યક્તિને ગેમ ઝોનમાં પ્રવેશ મળતો હતો. ગેમ ઝોનની શરતોનો અર્થ એવો થતો હતો કે કોઈ પણ વ્યક્તિને કંઈ પણ થઈ જાય, ઈજા પામે કે પછી મોત થાય તો પણ ગેમ ઝોન જવાબદાર રહેશે નહીં. એટલે કે લોકો પાસેથી કાગળ પર સહી કરાવીને બાંહેધરી લેવામાં આવતી હતી કે કોઈનું મોત થાય તો પણ તમે લીગલ એક્શન નહીં લઈ શકો.



ગેમ ઝોનમાં પ્રવેશ કરતા પહેલાં લોકોને એક ફોર્મ આપવામાં આવતું જેમાં લોકોએ પોતાના નામ, મોબાઈલ નંબર અને તારીખ લખવાની રહેતી અને તેની નીચે પોતાની સહી કરવાની હતી. આ ફોર્મ ટીઆરપી ગો કાર્ટ્સ એન્ડ પેઈન્ટબોલના નામે છે તેમાં ઉપર જ મોટા અક્ષરે લખેલું છે કે આ કાગળ પર સહી કરીને તમે અમારી સામે કેસ કરવાનો કાયદેસરનો હક જતો કરો છો. એટલે કે તમને અહીં કંઈ પણ થઈ જાય તો તેના માટે અમે જવાબદાર નથી અને તમારે સહી કરીને આ વાત સ્વીકારવી પડશે.

ટીઆરપી ગેમ ઝોનમાં જે શરતો મૂકવામાં આવી હતી તે વાંચવા જેવી છે. તેના પરથી ખ્યાલ આવશે કે જ્યારે ગેમ ઝોન કોઈ જવાબદારી લેવા જ તૈયાર ન હોય ત્યારે તે લોકોની સેફ્ટીની વ્યવસ્થા ક્યાંથી કરે? પરંતુ આ ફોર્મના સૌથી પહેલા ફકરામાં જ લખ્યું છે કે TRP ગેમ ઝોનમાં કોઈ પણ અણધારી ઘટના બને જેમાં કોઈને ઈજા થાય, મૃત્યુ થાય અથવા કાયમી નુકસાન થાય તો પણ તમે ટીઆરપી ગેમ ઝોન, તેના સભ્યો, સંચાલલકો, એજન્ટો કે કર્મચારીઓ સામે કેસ નહીં કરી શકો. તમારે બાંહેધરી આપવી પડતી હતી કે ગેમ ઝોનમાં તમને કંઈ પણ થઈ શકે તે વાતથી તમે સારી રીતે વાકેફ છો તેથી સંચાલકોની કોઈ જવાબદારી નથી. સૌથી પહેલી બાંહેધરી એવી લેવામાં આવે છે કે આ ફોર્મ પર તમે સ્વેચ્છાએ સહી કરી છે તેથી અમારી કોઈ જવાબદારી રહેતી નથી. બીજી શરત એ હતી કે તમે ગર્ભવતી નથી. અથવા કાયમી નુકસાન થાય તો પણ તમે ટીઆરપી ગેમ ઝોન, તેના સભ્યો, સંચાલલકો, એજન્ટો કે કર્મચારીઓ સામે કેસ નહીં કરી શકો. તમારે બાંહેધરી આપવી પડતી હતી કે ગેમ ઝોનમાં તમને કંઈ પણ થઈ શકે તે વાતથી તમે સારી રીતે વાકેફ છો તેથી સંચાલકોની કોઈ જવાબદારી નથી. સૌથી પહેલી બાંહેધરી એવી લેવામાં આવે છે કે આ ફોર્મ પર તમે સ્વેચ્છાએ સહી કરી છે તેથી અમારી કોઈ જવાબદારી રહેતી નથી. બીજી શરત એ હતી કે તમે ગર્ભવતી નથી.

ત્રીજી બાંહેધરી એ આપવી પડતી કે તમે શરાબ કે કોઈ નશીલા પદાર્થનું સેવન નથી કર્યું.

ત્યાર પછી તમને હાર્ટની બીમારી અથવા હાઈ બીપી નથી, તમે હેલમેટ પહેરશો, તમે સીટ પર બેસી રહેશો, તમામ નિયમોનું પાલન કરશો વહેરે શરતો મૂકવામાં આવી છે.

લોકો રાજીખુશીથી આ બાંહેધરીના ફોર્મ પર સહી કરતા અને ગેમની મજા માણતા હતા. પરંતુ અહીં કોઈ સેફ્ટીની વ્યવસ્થા ન હતી. ખાસ કરીને આગ લાગે તો તેવી સ્થિતિમાં સુરક્ષા માટે કોઈ બંદોબસ્ત ન હતો. તેના કારણે લોકો હોમાઈ ગયા છે અને હવે આ મામલે એફઆઈઆર થઈ છે પરંતુ તેમાં ન્યાય ક્યારે મળશે તે કહેવું મુશ્કેલ છે.

## ન્યૂઝ બ્રિફ

### નાસિકમાં ૬ કરોડ રોકડ, ૯૦ કરોડની બેનામી સંપત્તિ જપ્ત

। નાસિક, તા.૨૬ ।

ઝારખંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના દરોડામાં રોકડા ૩૫ કરોડ મળ્યા બાદ હવે ગુજરાતના પડોશી રાજ્ય મહારાષ્ટ્રના નાસિકમાં નોટોનો પહાડ મળી આવ્યો છે. આયકર વિભાગની ટીમે નાસિકના કેનાડા કોર્નર સ્થિત સુરાણા જ્વેલર્સ અને મહાલક્ષ્મી બિલ્ડર્સના ત્યાં દરોડા પાડ્યા છે.

આયકર વિભાગની ટીમે કંપનીનો માલિક કથિત બિનહિસાબી લેવડ-દેવડમાં સામેલ હોવાન માહિતી મળ્યા બાદ બાદ આ કાર્યવાહી કરાઈ છે. વિભાગે સુરાણા જ્વેલર્સના માલિકના નિવાસસ્થાન અને કન્સ્ટ્રક્શન કંપની મહાલક્ષ્મી બિલ્ડર્સમાં દરોડા પાડ્યા છે, જેમાં લગભગ ૨૬ કરોડ રૂપિયા રોકડા અને ૯૦ કરોડ રૂપિયાના બિનહિસાબી સંપત્તિઓના દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. આયકર વિભાગની ટીમે શનિવારે સવારે જ જ્વેલરી સ્ટોર અને માલિકના નિવાસસ્થાને એક સાથે દરોડો પાડ્યો છે. અધિકારીઓએ આખો દિવસ નાણાંકીય રેકર્ડ, લેવડ-દેવડ સંબંધીત ડેટા અને દસ્તાવેજોની તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન કેન્દ્રીય અને રાજ્યની એજન્સીઓ સતત દરોડાની કાર્યવાહી કરી છે, જેમાં મોટી સંખ્યામાં રોકડ જપ્ત કરવામાં આવી છે.

### ભાંગ ખાઈને વિમાનમાં ગયો અને પછી ખોલવા લાગ્યો

# ફ્લાઈટમાં ઈમરજન્સી ગેટ ખોલવાની કોશિશ કરવા બદલ એકની ધરપકડ

**પોલીસના જણાવ્યા પ્રમાણે અનિલ પાટીલ ફ્લાઈટમાં ચઢતા પહેલા કથિત રીતે ભાંગનું સેવન કરી આવ્યો હતો**

। (એજન્સી) ઈન્દોર, તા.૨૬ ।

ઈન્દોરથી હૈદરાબાદ જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ઈમરજન્સી ગેટ ખોલવાની કોશિશ કરવા બદલ એક મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ૨૯ વર્ષીય અનિલ પાટીલ ફ્લાઈટમાં ચઢતા પહેલા કથિત રીતે 'ભાંગ' નું સેવન કરી આવ્યો હતો.અનિલ એરલાઈનના કર્મચારીઓ સાથે ખોટી રીતે દલીલો કરતો હતો. એરલાઈન સ્ટાફ દ્વારા નોંધાવામાં આવેલી ફરિયાદના આધારે અનિલ પાટિલની ધરપકડ કરવામાં આવી હતી. ઈન્ડિગો એરલાઈને એક સત્તાવાર નિવેદનમાં આ ઘટના વિશે જાણકારી આપી હતી. કંપનીએ કહ્યું, 'ઈન્દોરથી હૈદરાબાદ જતી ફ્લાઈટ નંબર ૬ઈ ૫૧૧માં મુસાફરી કરી રહેલા અનિલ પાટિલે ૨૧ મે, ૨૦૨૪ના રોજ નશાની હાલતમાં ટેક-ઓફ પહેલા ઈમરજન્સી એક્ઝિટ ગેટ ખોલવાની કોશિશ કરી હતી. સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ




પ્રોસિજર (SOP) મુજબ મુસાફરને ક્રૂ દ્વારા યાત્રા કરવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યો હતો, અને આગમન પર સ્થાનિક અધિકારીઓને સોંપવામાં આવ્યો હતો. કોઈપણ સંજોગોમાં ફ્લાઈટની સલામતી સાથે સમાધાન કરવામાં આવ્યું ન હતું. અન્ય મુસાફરોને પડેલી કોઈપણ અસુવિધા બદલ કંપનીએ દિલગીરી વ્યક્ત કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જ્યારે ફ્લાઈટ ઈન્દોરથી ટેકઓફ થઈ ત્યારે ક્રૂએ અનિલ પાટિલ દ્વારા કરવામાં આવતાં અસામાન્યને જોતા તેને બીજી સીટ પર બેસાડ્યો હતો. પરંતુ થોડા સમય પછી તેણે તેના બે મિત્રો પાસે બેસવાની જીદ કરી, જેમની સાથે તે તીર્થયાત્રા માટે ઈન્દોર ગયો હતો. ક્રૂ શાંત થયા પછી તેણે થોડા સમય માટે સામાન્ય રીતે વર્તન કર્યું, પરંતુ થોડીવાર પછી અનિલ ફરી અન્ય એક મુસાફર સાથે ખરાબ વર્તન કર્યું. રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઈન્સ્પેક્ટર કે. બલરાજુના જણાવ્યા અનુસાર, 'ચેતવણી આપવાં છતાં જ્યારે પ્લેન હવામાં હતું, ત્યારે અનિલ કોઈ કારણ વગર વચ્ચેની પેસેજમાં ફરતો હતો. જ્યારે પાઈલટ ફ્લાઈટને લેન્ડ કરવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે તેણે ઈમરજન્સી ગેટ ખોલવા માટે આગળ આવ્યો હતો. અનિલના વિચિત્ર વર્તન જોતાં એરલાઈન સ્ટાફ અને કેટલાક સહ-યાત્રીઓએ તેને દરવાજો ખોલતા રોકવાની કોશિશ કરી હતી.

### મહિલા એ વિરોધ કરતા તેની હત્યા કરી

# યુપીની રાજધાની લખનઉમાં રિટાયર્ડ IASનાં ઘરમાં લૂંટ

। (એજન્સી) લખનઉ, તા.૨૬ ।

ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉમાં શનિવારે સવારે ગુંડાઓએ એક મોટા કામને પાર પાળ્યું હતું. અહીં એક રિટાયર્ડ આઈએએસ અધિકારીના ઘરે સવારે ગુંડાઓએ લૂંટ કરી હતી. જોકે આ બાબતનો વિરોધ કરવા અધિકારીની પત્ની જતા તેની ફાંદો લગાવીને હત્યા કરવામાં આવી હતી. માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી હતી. રાયબરેલી સહિત ઘણા જિલ્લાઓમાં ડીએમ અને અલ્હાબાદમાં મંડલાયુક્ત રહી ચુકેલા ૭૧ વર્ષીય રિટાયર્ડ આઈએએસ અધિકારી ડીએન દુબે લખનઉના ઈન્દિરાનગર પોલીસ ક્ષેત્રના સેક્ટર-૨૨માં રહે છે. શનિવારે સવારે તેઓ ગોલ્ફ રમીને ઘરે પરત ફર્યા તો ઘરનો તમામ સામાન વિખાઈ ગયો હતો.

### ઈઝરાયલને ઈરાન સમર્થિત સંગઠનની ધમકી

# ઈઝરાયેલ બિગ સરપ્રાઈઝ માટે તૈયાર રહે : હિઝબુલ્લાહ

। (એજન્સી) તહેરાન, તા.૨૬ ।

ઈઝરાયલ અને હમાસના આતંકવાદીઓ વચ્ચે શરૂ થયેલા યુદ્ધને આઠ મહિનાથી વધુ સમય થઈ ગયો છે. ઈઝરાયલી સેનાએ ગાઝા શહેરને નરક બનાવી દીધા બાદ હવે ઉત્તર ગાઝા શહેરના રાફામાં મોટો હુમલા કરવાની તૈયારી કરી દીધી છે, ત્યારે ઈરાનના સમર્થક આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહે ઈઝરાયલને ચેતવણી આપી છે. તેણે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ બિગ સરપ્રાઈઝ માટે તૈયાર રહેવા ધમકી આપી છે. હિઝબુલ્લાએ ધમકી આપતા કહ્યું છે કે, અમે ઈઝરાયલ પર મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છીએ. લેબનાનના આતંકવાદી સંગઠના ટોચના નેતાએ એક નિવેદનમાં કહ્યું છે કે, અમે ઈઝરાયલને બિગ સરપ્રાઈઝ આપવાની તૈયારી કરી દીધી છે અને આ સરપ્રાઈઝ તેઓ હંમેશા યાદ રાખશે. હિઝબુલ્લાહે ચેતવણી આપ્યા બાદ ઈઝરાયેલથી લઈને અમેરિકા સુધી ખળભળાટ મચી ગયો છે.

### દિલ્હીમાં બીજી મોટી આગની ઘટના

# પાર્કિંગમાં પડેલી ૧૧ બાઇક ભડભડ સળગી, ૩ના મોત

**આ આગ ચાર માળની બિલ્ડીંગની પાર્કિંગમાં ઉભેલી બાઇકોમાં લાગી હતી અને પહેલા માળ સુધી ફેલાઇ હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હીના વિવેક વિહાર બાદ કૃષ્ણા નગરમાં પણ એક ઘરમાં આગ લાગવાથી ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા છે. આ આગ ચાર માળની બિલ્ડીંગની પાર્કિંગમાં ઉભેલી ૧૧ બાઈકોમાં લાગી હતી અને પહેલા માળ સુધી ફેલાઈ હતી. ત્યારબાદ ઉપરના માળ સુધી ધુમાડો ભરાઈ ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આ આગની ઘટના મોડી રાત્રે ક્રિષ્ના નગરમાં બેંક ઓફ ઈન્ડિયાની પાસે શેરી નંબર એકમાં છઠ્ઠી બિલ્ડિંગમાં બની હતી. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. પાંચ ફાયર ફાઈટરોએ આગ પર કાબુ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ જ્યારે ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે તેમને પહેલા માળે એક બળી ગયેલી લાશ મળી હતી અને ઉપરના માળેથી ૧૨ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જેમને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી બે ગંભીર રીતે ઘાયલ લોકોને જીટીબી હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એક વ્યક્તિને મેક્સ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. પોલીસ રેકોર્ડ અનુસાર આ ઘટનામાં પરમિલા શાહદ (૬૬) બળેલી લાશ પહેલા માળેથી મળી હતી. જ્યારે કેશવ શર્મા (૧૮) અને અંજૂ શર્મા (૩૪) ને જીટીબી હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત દેવેન્દ્ર (૪૧) ને ગંભીર અવસ્થામાં મેક્સ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા છે. આગની આ ઘટનામાં રૂચિકા (૩૮), સોનમ શાદ (૩૮) ને હેડગેવાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ઘણા લોકોનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. આ પહેલાં દિલ્હીના વિવેક વિહારમાં બેબી કેર સેન્ટરમાં આગ લાગવાથી ૬ બાળકોના મોત થયા છે. શનિવારે મોટી રાત્રે બેબી કેર સેન્ટરમાં આગ લાગી હતી. ફાયર ઓફિસર રાજેન્દ્ર અટવાલના અનુસાર સૂચના મળ્યા બાદ ૧૬ ફાયર ટેન્ડરની મદદથી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના કર્મચારીઓએ ૧૧ નવજાત બાળકોને રેસ્ક્યૂ કરવામાં સફળ રહ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે બેબી કેર સેન્ટરથી ૧૧ નવજાત શિશુઓને બચાવવામાં આવ્યા પરંતુ છના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા. અકસ્માતનો શિકાર બનેલા એક બાળક સહિત છ લોકો વેન્ટીલેટર પર છે.



# મહેસાણાના શ્રી ગણેશા વોટરપાર્કમાં બાઉન્સરોએ પરિવારને માર માર્યો

। (એજન્સી) મહેસાણા,તા.૨૬ ।

મહેસાણાના ગણેશા વોટરપાર્કમાં બાઉન્સરોની દાદાગીરી જોવા મળી. વોટરપાર્કની મજા માણવા આવેલા પરિવારને ખરાબ અનુભવ થયો. ગણેશા વોટરપાર્કના બાઉન્સરોએ પરિવારના મોભી સાથે ગેરવર્તણૂંક કરી. બાઉન્સરોના ત્રાસની પરિવારે પોલીસમાં ફરિયાદ કરી. પોલીસે પણ પરિવારને મામલો વધુ ના ખેંચવાની સલાહ આપતા સમાધાન કરવા કહ્યું. ત્યારે પરિવારે મીડિયાની મદદ લેતા એક મીડિયા ચેનલને આપવીતી જણાવી. અત્યારે ભયંકર ગરમી જોવા મળી રહી છે. ગરમીથી રાહત મેળવવા અને શાળાની રજામાં બાળકોને આનંદ આપવા શહેરીજનો વોટરપાર્કની મજા માણતા હોય છે. વોર્ટરપાર્કનો આનંદ માણવા એક પરિવાર મહેસાણાના . કડીના અલદેસણ નજીક આવેલા ગણેશા વોટરપાર્ક પંહોચ્યો. પરંતુ આ પરિવારને વોટરપાર્કના બાઉન્સરનો ખરાબ અનુભવ થયો. કોઈ બાબતો વોટરપાર્કના બાઉન્સરો અને પરિવાર વચ્ચે ઝગડો થયો. આ ઝગડો એટલી હદે વધ્યો કે બાઉન્સરોએ પરિવારના મોભીને માર માર્યો. આ બનાવમાં બાઉન્સરોની દાદાગીરી મામલે ફરિયાદ નોંધાવા પોલીસ સ્ટેશન ગયા. જ્યાં પોલીસે તેમની ફરિયાદ નોંધવાના બદલે તેમને સમજૂતી કરવાની સલાહ આપી. ગરમીથી રાહત મેળવવા અને શાળાની રજામાં બાળકોને આનંદ આપવા શહેરીજનો વોટરપાર્કની મજા માણતા હોય છે. વોર્ટરપાર્કનો આનંદ માણવા એક પરિવાર મહેસાણાના . કડીના અલદેસણ નજીક આવેલા ગણેશા વોટરપાર્ક પંહોચ્યો. પરંતુ આ પરિવારને વોટરપાર્કના બાઉન્સરનો ખરાબ અનુભવ થયો. કોઈ બાબતો વોટરપાર્કના બાઉન્સરો અને પરિવાર વચ્ચે ઝગડો થયો. આ ઝગડો એટલી હદે વધ્યો કે બાઉન્સરોએ પરિવારના મોભીને માર માર્યો. આ બનાવમાં બાઉન્સરોની દાદાગીરી મામલે ફરિયાદ નોંધાવા પોલીસ સ્ટેશન ગયા. જ્યાં પોલીસે તેમની ફરિયાદ નોંધવાના બદલે તેમને સમજૂતી કરવાની સલાહ આપી.

# હોસ્પિટલ તંત્ર દ્વારા કોલ્ડ સ્ટોરેજના ૧ યુનિટમાં એકસાથે ૨-૨ મૃતદેહો રાખવાની ફરજ પડી

## પોસ્ટ મોર્ટમ વિભાગના કોલ્ડ સ્ટોરેજમાં એકસાથે ૩ યુનિટ ખરાબ થઈ ગયા જેના કારણે મેનેજમેન્ટ ખોરવાઈ ગયું

। (એજન્સી) વડોદરા,તા.૨૬ ।

વડોદરાની સૌથી મોટી જો કોઈ હોસ્પિટલ હોય તો તે સયાજી હોસ્પિટલ છે. પરંતુ આ હોસ્પિટલમાં લોકોનાં મોતનો મલાજો જળવાતો નથી. કેમ કે હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ વિભાગનું કોલ્ડ સ્ટોરેજ જ હવે મૃતપાય સ્થિતિમાં પહોંચી ગયુ છે. છતાં પણ સરકાર કે હોસ્પિટલ તંત્રને કોઈ ચિંતા નથી. ત્યારે સયાજી હોસ્પિટલમાં કેમ રઝળી પડ્યા લોકોના મૃતદેહ? સયાજી હોસ્પિટલ, આ હોસ્પિટલને વડોદરા જિલ્લાની સૌથી મોટી હોસ્પિટલ કહેવામાં આવે છે. એટલું જ નહીં, વારે તહેવારો હોસ્પિટલમાં અદ્યતન સુવિધાઓ હોવાનો તંત્ર દાવો કરતું રહેતું હોય છે. પરંતુ તંત્રના આ દાવો કેટલો સાચો છે. એ વસ્તુ તમે આ બે દ્રશ્યો પરથી સમજી જશો. તમે જે બે દ્રશ્યો જોઈ રહ્યા છો. તે સયાજી હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ વિભાગમાં આવતાં કોલ્ડ સ્ટોરેજના છે. જેમાં એક દ્રશ્ય ૧૧ માર્ચના છે અને બીજા દ્રશ્ય ૨૪ મે એટલે કે હાલ ગુરુવારના જ છે. આ બે દ્રશ્યો અમે એટલા માટે બતાવી રહ્યા છીએ, કેમ કે વડોદરાની સૌથી મોટી હોસ્પિટલ લોકોના મોત બાદ પણ તેમને મલાજો જાળવી શકી નથી. જીહાં, સયાજી હોસ્પિટલમાં ફરી તંત્રની બેદરકારીના કારણે મોત બાદ પણ લોકોના મૃતદેહ રઝળી પડ્યાં હતા સયાજી હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજના યુનિટ ફરી બગડતાં આવી સ્થિતિ સર્જાઈ. જેમાં હોસ્પિટલ તંત્ર દ્વારા કોલ્ડ સ્ટોરેજના ૧ યુનિટમાં એકસાથે ૨-૨ મૃતદેહો રાખવાની ફરજ પડી છે. એટલું જ નહીં ગુરુવારે વધુ મૃતદેહો આવતા બાકીના મૃતદેહોને આખી રાતમાં બહાર જ રાખવા પડ્યા હતા. એટલે કે સયાજી હોસ્પિટલ ફરી લોકોના મોતનો મલાજો જાળવવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. વડોદરા હોસ્પિટલમાં વારંવાર બનતી આ ઘટના ખરેખર ચોંકાવનારી છે, આઘાત પમાડે એવી છે. પરંતુ સાચી છે. વડોદરાની સયાજી હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજની વાત કરીએ તો તેમાં ૬ યુનિટ છે. જેમાં દરેક યુનિટમાં ૬ ડેડ બોડી રાખી શકાય છે. એટલે કે કોલ્ડ સ્ટોરેજની મહત્તમ ક્ષમતા એકસાથે ૩૬ ડેડ બોડી રાખવાની છે. પરંતુ પોસ્ટ મોર્ટમ વિભાગના કોલ્ડ સ્ટોરેજમાં એકસાથે ૩ યુનિટ ખરાબ થઈ ગયા. જેના કારણે મેનેજમેન્ટ ખોરવાઈ ગયુ.

### સયાજી હોસ્પિટલમાં ફરી તંત્રની બેદરકારી

**સયાજી હોસ્પિટલમાં આવી સ્થિતિ પહેલીવાર નથી બની, કેમ કે આ પહેલાં પણ બે-ત્રણ વખત કોલ્ડ સ્ટોરેજના યુનિટ ખરાબ થયા છે, જેમાં ૨-૨ નહીં પરંતુ એક યુનિટમાં ૪-૪ મૃતદેહ રાખવા પડ્યાં હતા. અગાઉ પણ તંત્રએ રિપેરિંગ કરીને કોલ્ડ સ્ટોરેજ ચાલુ કર્યા હતા. અને હવે પણ આજ રીતે રિપેરિંગ કરાવવાનો દાવો થયો છે. ત્યારે ૧૦ વર્ષથી પણ જૂના થઈ ગયેલા કોલ્ડ સ્ટોરજના યુનિટ સરકાર ક્યારે બદલાવશે, એનો જવાબ તો સયાજી હોસ્પિટલના સત્તાધિશો પાસે પણ નથી. તેમાં પણ ગુરુવારે વધુ મૃતદેહ આવી જતાં મૃતકોના ડેડ બોડી બહાર રાખવાની ફરજ પડી હતી. તો અમુક ડેડબોડીઓને ગૌત્રી હોસ્પિટલ ખસેડવી પડી હતી.**

# ઊંડેરામાં બંધ સ્કૂલમાં બે મિત્રો વચ્ચે બબાલ થતા ખેલાયો ખૂની ખેલ

## કોઈ બાબતે બે મિત્રો વચ્ચે બબાલ થતા વાતે ગંભીર સ્વરૂપ લીધું અને એક યુવાને આ બબાલની દાઝરાખી બીજા મિત્રની હત્યા કરી

। વડોદરા,તા.૨૬ ।

ઊંડેરામાં બંધ સ્કૂલમાં ખૂની ખેલ ખેલાયો. બે મિત્રો વચ્ચે બબાલ થતા ખૂની ખેલ ખેલાયો. ઊંડેરામાં બંધ શાળામાં પરપ્રાંતીય યુવાનો સાથે રહેતા હતા. દરમ્યાન કોઈ બાબતે બે મિત્રો વચ્ચે બબાલ થતા વાતે ગંભીર સ્વરૂપ લીધું અને એક યુવાને આ બબાલની દાઝરાખી બીજા મિત્રની હત્યા કરી. આ મામલો સામે આવતા પોલીસ ઘટનાસ્થળે પંહોચી ગઈ. પોલીસે ગણતરીના સમયમાં હત્યારાને દબોચી લીધો. શહેરની નજીક ઊંડેરામાં એક શાળા લાંબા સમયથી બંધ છે. આ બંધ શાળાના માલિકે પરપ્રાંતીય યુવકોને રૂમ ભાડે આપ્યા હતા. બંધ શાળામાં ૪ યુવાનો ભાડે રહેતા હતા. પરપ્રાંતીય યુવાનો પૈકી બે વચ્ચે બોલચાલ બાદ મારામારી થઈ. ઘટનાની પ્રાપ્ત વિગત મજુબ યુવાનો વચ્ચે ભોજન બાબતે મોટો ઝગડો થયો હતો. આ ઝગડાએ ઘાતકી સ્વરૂપ લીધું અને એક મિત્રએ બીજા મિત્રની હત્યા કરી. યુવાનની હત્યાના સમાચાર સામે આવતા જ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઘટનાસ્થળે પંહોચી ગયો. હત્યાની પ્રાથમિક વિગત સામે આવતા પોલીસે આરોપીને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.પોલીસે ગણતરીના સમયમાં આરોપીને પકડવામાં સફળતા મળી. પૂછપરછમાં સામે આવ્યું કે આરોપીનું નામ આયુષ યાદવ છે અને મૃતકનું નામ ધીરજ સુરેશદાસ છે. આયુષ યાદવે સામાન્ય ઝગડામાં પોતાના મિત્ર સુરેશને છરીના ઘા મારી હત્યા કરી. ઊંડેરામાં બંધ સ્કૂલમાં ખૂની ખેલ ખેલાયો. બે મિત્રો વચ્ચે બબાલ થતા ખૂની ખેલ ખેલાયો. ઊંડેરામાં બંધ શાળામાં પરપ્રાંતીય યુવાનો સાથે રહેતા હતા. દરમ્યાન કોઈ બાબતે બે મિત્રો વચ્ચે બબાલ થતા વાતે ગંભીર સ્વરૂપ લીધું અને એક યુવાને આ બબાલની દાઝરાખી બીજા મિત્રની હત્યા કરી. આ મામલો સામે આવતા પોલીસ ઘટનાસ્થળે પંહોચી ગઈ. પોલીસે ગણતરીના સમયમાં હત્યારાને દબોચી લીધો. શહેરની નજીક ઊંડેરામાં એક શાળા લાંબા સમયથી બંધ છે. આ બંધ શાળાના માલિકે પરપ્રાંતીય યુવકોને રૂમ ભાડે આપ્યા હતા. બંધ શાળામાં ૪ યુવાનો ભાડે રહેતા હતા. પરપ્રાંતીય યુવાનો પૈકી બે વચ્ચે બોલચાલ બાદ મારામારી થઈ.

### યુવકોની સેવાને સૌ કોઈ વખાણી રહ્યા છે

# ડીસા હાઈવે પર યુવકો દ્વારા સવારથી જ ગરમીના સમયે લોકોને ઠંડુ શરબત પીવડાવે છે

। (એજન્સી) બનાસકાંઠા,તા.૨૬ ।

કાળઝાળ ગરમીને લઈ એક તરફ લોકો પરેશાન છે, ત્યાં હવે સેવાભાવી યુવકો પણ રસ્તાઓ પર સેવા કરી રહ્યા છે. ડીસા હાઈવે પર યુવકો દ્વારા સવારથી જ ગરમીના સમયે લોકોને ઠંડુ શરબત પીવડાવે છે. ટ્રકો, એસટી અને ખાનગી બસ અને નાના મોટા વાહન ચાલકો તથા મુસાફરોને ઠંડા શરબતને આપવામાં આવે છે. કાળઝાળ ગરમીને લઈ એક તરફ લોકો પરેશાન છે, ત્યાં હવે સેવાભાવી યુવકો પણ રસ્તાઓ પર સેવા કરી રહ્યા છે. ડીસા હાઈવે પર યુવકો દ્વારા સવારથી જ ગરમીના સમયે લોકોને ઠંડુ શરબત પીવડાવે છે. ટ્રકો, એસટી અને ખાનગી બસ અને નાના મોટા વાહન ચાલકો તથા મુસાફરોને ઠંડા શરબતને આપવામાં આવે છે. જેનાથી લોકોને કાળઝાળ ગરમીમાં રાહત મળે. યુવકો દ્વારા સ્વંય ફાળો એકઠો કરીને શરબત તૈયાર કરીને જાતે જ તેને વિતરણ કરવા માટે પાલનપુર ડીસા હાઈવે પર પહોંચીને સેવા કરી રહ્યા છે. યુવકો દ્વારા કાળઝાળ ગરમીમાં શરબતનો ગ્લાસ મુસાફરો અને વાહનચાલકોના હાથમાં ધરતા જ લોકોને મુસાફરીનો થાક ઉતરવા જેવો અહેસાસ સાથે ગરમીમાં રાહત મળે છે. યુવકોની સેવાને સૌ કોઈ વખાણી રહ્યા છે. યુવકો દ્વારા કાળઝાળ ગરમીમાં શરબતનો ગ્લાસ મુસાફરો અને વાહનચાલકોના હાથમાં ધરતા જ લોકોને મુસાફરીનો થાક ઉતરવા જેવો અહેસાસ સાથે ગરમીમાં રાહત મળે છે.

### અનિયમીત અને પૂરતી વીજળી નહીં મળવાની ફરીયાદો ઉઠી રહી

# હિટવેવ વચ્ચે થરાદ વિસ્તારમાં અપૂરતો વીજપુરવઠો મળતા સ્થાનિકો પરેશાન

। (એજન્સી) બનાસકાંઠા,તા.૨૬ ।

બનાસકાંઠા જિલ્લામાં આટલી ગરમી વચ્ચે થરાદ વિસ્તારના લોકો વીજ પુરવઠાને લઈ પરેશાન છે. અહીં નિયમીત અને પૂરતી વીજળી નહીં મળવાની ફરીયાદો ઉઠી રહી છે. જેને કારણે લોકો પરેશાન બની રહ્યા છે. લોકો ગરમીમાં પરેશાન થઈને ગામમાં વૃક્ષો નિચે બેસવા માટે મજબૂર બન્યા છે.એક તરફ કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં આટલી ગરમી વચ્ચે થરાદ વિસ્તારના લોકો વીજ પુરવઠાને લઈ પરેશાન છે. અહીં નિયમીત અને પૂરતી વીજળી નહીં મળવાની ફરીયાદો ઉઠી રહી છે. જેને કારણે લોકો પરેશાન બની રહ્યા છે. લોકો ગરમીમાં પરેશાન થઈને ગામમાં વૃક્ષો નિચે બેસવા માટે મજબૂર બન્યા છે. થરાદ વિસ્તારમાં ઓછા વોલ્ટેજથી વીજ પુરવઠો છેલ્લા એક મહિનાથી મળી રહ્યો છે. હિટવેવની સ્થિતિ વચ્ચે સ્થાનિકોને પંખા કે કૂલર પણ ચાલી શકતા નથી. જેના કારણે લોકોએ પરેશાન થઈને દીવસ પસાર કરવા પડી રહ્યો છે. અનેકવાર રજૂઆતો સ્થાનિકોએ કરવા છતાં પણ તેમાં સુધારો થઈ રહ્યો નથી. થરાદ વિસ્તારમાં ઓછા વોલ્ટેજથી વીજ પુરવઠો છેલ્લા એક મહિનાથી મળી રહ્યો છે. હિટવેવની સ્થિતિ વચ્ચે સ્થાનિકોને પંખા કે કૂલર પણ ચાલી શકતા નથી. જેના કારણે લોકોએ પરેશાન થઈને દીવસ પસાર કરવા પડી રહ્યો છે. અનેકવાર રજૂઆતો સ્થાનિકોએ કરવા છતાં પણ તેમાં સુધારો થઈ રહ્યો નથી.

### અલ્ટો અને અર્ટિગા કાર વચ્ચે અકસ્માત થયો

# પાટણમાં સમી ઝીલવાણા રોડ પર ગમખ્વાર અકસ્માતમાં દંપતીનુ મોત

। પાટણ,તા.૨૬ ।

પાટણમાં સમી ઝીલવાણા રોડ પર ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં દંપતીનું મોત થયું હતું. અલ્ટો અને અર્ટિગા કાર વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતમાં અલ્ટો ગાડીમાં સવાર દંપતીનું ઘટનાસ્થળે મોત થયું હતું. અર્ટિગા ગાડીમાં સવાર ઈસમને ગંભીર ઈજા થઈ હતી. તેને રાધનપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. તેઓએ ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવામાં આવી હતી.

સ્થાનિકોની મદદના કારણે કેટલાય લોકોના જીવ બચી શક્યા હતા. ઘટનાની જાણ થવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી અને તેણે અકસ્માત ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. તેની



સાથે મૃત્યુ પામેલાઓને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પોસ્ટમોર્ટમ પછી પોલીસ મૃત્યુ પામેલાઓની ઓળખ કરીને તેમનો મૃતદેહ તેમના સગાસંબંધીઓને સોંપશે. આ ઉપરાંત પોલીસ ડ્રાઈવર નશામાં હતો કે નહીં તેની પણ ચકાસણી કરશે. આ માટે છેલ્લે આ વાહન જ્યાં રોકાયું હતું તે સ્થળ પણ જીપીએસની મદદથી શોધીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### નકલી સિંચાઈ કચેરીનો મામલો

# મોડાસામાં નકલી સિંચાઈ કચેરીની તપાસ સમિતિની રચના કરાઈ

## હવે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મામલાની તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે

। મોડાસા,તા.૨૬ ।

નકલી સિંચાઈ કચેરી ચાલતી હોવાના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાના આક્ષેપ બાદ હવે મામલાની તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે. ધારાસભ્ય દ્વારા આ સમગ્ર મામલામાં રાજકીય તાર પણ જોડાયેલા હોવાની પણ શંકા દર્શાવી હતી. આમ હવે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મામલાની તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં નકલી સિંચાઈ કચેરી ચાલતી હોવાના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાના આક્ષેપ બાદ હવે મામલાની તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે.

ધારાસભ્ય દ્વારા આ સમગ્ર મામલામાં રાજકીય તાર પણ જોડાયેલા હોવાની પણ શંકા દર્શાવી હતી. આમ હવે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મામલાની તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. જે તપાસ સમિતિ દ્વારા પાંચ દિવસમાં જિલ્લા




વિકાસ અધિકારીને તપાસ અહેવાલ રજૂ કરવામાં આવશે.

સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને નિમવામાં આવ્યા છે. જ્યારે ઈજનેર અને હિસાબી વિભાગ તેમજ ટેકનિકલ જાણકાર અધિકારીઓને પણ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. આમ હવે નકલી સિંચાઈ કચેરીની આશંકાએ શરુ કરવામાં આવેલી તપાસનો અહેવાલ આવવા સુધી રાહ જોવામાં આવશે. તપાસમાં સિક્કાઓથી લઈને ફાઈલો પણ ખાનગી બંગલામાં કેવી રીતે પહોંચ્યા તેની તપાસ કરવામાં આવશે. બંગલામાં જે ભાડે રહેતા એ પણ રાજકીય આગેવાનના સગાં હોવાને લઈ આખોય મામલો ચર્ચામાં રહ્યો છે.

**વિશેષ** રૂમમાં AC અને ફ્રિજ જોઈએ તો ૬૦ હજાર ફી વધારે આપો, દાદાગીરી બાદ ઝૂકી ગુજરાતની કોલેજ

# મેડિકલ કોલેજમાંથી વિદ્યાર્થીઓ પાસેથી વધુ નાણા વસૂલવાનો નિર્ણય પરત લેવાયો, ગર્લ્સ અને બોય્ઝ હોસ્ટેલ માટે લેવાયો હતો નિર્ણય

। અમદાવાદ,તા.૨૬ ।

ગાંધીનગર GMERS મેડિકલ કોલેજ માં વિદ્યાર્થીઓ પાસે વધારાના નાણાં વસૂલવાનો મામલે હોબાળો થયા બાદ આખરે મેડિકલ કોલેજ દ્વારા નિર્ણય પરત ખેંચાયો છે. વિદ્યાર્થીઓ દ્વારા એસી-ફ્રિજના ઉપયોગ પર વધારાના ૬૦ હજાર વસુલવા સંદર્ભે બે દિવસ પહેલા નિર્ણય લેવાયો હતો, પરંતુ શુક્રવારે સાંજે નિર્ણય પરત ખેંચી લેવાયો છે. જેને ગર્લ્સ અને બોય્ઝ બંને હોસ્ટેલમાં લાગુ કરાયો હતો. આખરે ડીન દ્વારા નિર્ણય ખેંચાયાની જાહેરાત કરાઈ છે. ગાંધીનગર ખાતે આવેલી જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી બોયઝ હોસ્ટેલ, ગર્લ્સ હોસ્ટેલ, પી.જી. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના માથે એક નવો ફી વધારો ઝીંકાયો હતો. બે દિવસ પહેલા અચાનક જાહેરાત કરાઈ હતી કે, જે વિદ્યાર્થીઓ પોતાની રીતે રૂમમાં ઈલેક્ટ્રિક ઉપ




કરણોનો ઉપયોગ કરે છે, તેમની પાસેથી આગામી ૧લી જૂનથી આ પ્રકારના ઉપકરણોના ઉપયોગ બદલ કેટલી રકમ વસુલ કરવામાં આવશે. આ સાથે જ કયા ઉપકરણના કેટલા ચાર્જ વસૂલાશે તેનું પણ લિસ્ટ જાહેર કરાયું હતું. રાજ્યમાં હાલમાં કાળજાળ ગરમી પડી રહી છે ત્યારે જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, ગાંધીનગરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી જેઓ હોસ્ટેલમાં રહેતા હોય છે તેમને એસી, ફ્રીઝ, કુલર, સ્ટવ સહિતની કોઈપણ પ્રકારની સુવિધાઓ આપવામાં આવતી નથી. જેના કારણે વિદ્યાર્થીઓ પોતાની રીતે આ પ્રકારની ઈલેક્ટ્રિક ઉપકરણો વસાવીને ઉપયોગ કરતાં હોય છે. વિદ્યાર્થીઓ પોતાના ખર્ચે હોસ્ટેલમાં આ પ્રકારની ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે તેવું કોલેજ સત્તાધીશોના ધ્યાનમાં આવતાં દરેક વસ્તુના ઉપયોગ પેટે ચાર્જ વસૂલવાનો આદેશ કરવામાં આવ્યો હતો. કોલેજના ડીન દ્વારા કરાયેલા પરિપત્ર પ્રમાણે જે વિદ્યાર્થીઓ આ પ્રકારના સાધનનો ઉપયોગ કરે છે તેઓએ આગામી ૧લી જૂનથી નિર્ધારિત કરેલી ફી ભરવાની રહેશે. મેડિકલ કોલેજ દ્વારા અચાનક આ રીતે ગર્લ્સ હોસ્ટેલ, બોયઝ હોસ્ટેલમાં વધારાના નાણાં વસૂલવા બાબતે આદેશ કરતા હોબાળો થયો હતો. વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા તેનો વિરોધ કરાયો હતો. જેના બાદ અચાનક ફી વધારાનો નિર્ણય પરત ખેંચી લેવાયો છે. મેડિકલ કોલેજના ડીને ટેલિફોનિક ચર્ચામાં નિર્ણય પરત લેવાયો હોવાની માહિતી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ રાજ્ય સરકાર હસ્તક મેડિકલ કોલેજોમાં આ રીતે ફી વધારાનો રાજ્ય સરકાર દ્વારા પ્રયાસ કરાયો હતો. ગત વર્ષે રાજ્યની ૧૩ જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં ફી વધારાની જાહેરાત કરી હતી. જેના ભારે વિરોધ બાદ ફી વધારાનો નિર્ણય પરત ખેંચી લેવાયો હતો. ત્યારે હવે લાગે છે કે, સરકાર ધીમા પગલે ફરી ફી વધારો લાગુ કરવાના મૂડમાં છે. ધીમે પગલે એક કોલેજ બાદ બીજી કોલેજમાં આ પ્રકારે નિર્ણયો લેવાય તો નવાઈ નહિ.

### ઝારખંડના લાતેહાર જિલ્લાની ઘટના

# મીણબત્તી લઈને ચોર દુકાનમાં ચોરી કરવા ઘૂસ્યા, આગ લાગવાથી એકનું મોત

## હાથમાંથી મીણબત્તી સરકીને નીચે પડી ગઈ હતી તે દરમિયાન દુકાનમાં રાખેલ પેટ્રોલના ગેલન સાથે સંપર્કમાં આવતા અચાનક આગ ફાટી નીકળી

। (એજન્સી) રાંચી,તા.૨૬ ।

ઝારખંડના લાતેહાર જિલ્લાના બાલુમથમાં એક દુકાનમાં ઘૂસેલા ત્રણ ચોરોમાંથી એકનું સળગી જવાથી મોત થયું હતું. અહેવાલો અનુસાર, ચોર મીણબત્તી લઈને દુકાનમાં પ્રવેશ્યા હતા અને તેઓ ગુનો કરે તે પહેલા જ મીણબત્તીમાં આગ લાગી ગઈ હતી. શુક્રવારે રાત્રે બનેલી આ ઘટનામાં ત્રણમાંથી એક ચોરનું કરૂણ મોત નીપજ્યું હતું જ્યારે અન્ય બે ખરાબ રીતે દાઝી ગયા હતા. અહેવાલો અનુસાર, ઘાયલોને પોલીસે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા છે.



બાલુમઠ પોલીસ સ્ટેશન વિસ્તારના પકરી ગામમાં જનરલ સ્ટોરમાં ત્રણ લોકો ચોરીના ઈરાદે ઘૂસ્યા હતા. તેમાંથી એક હાથમાં મીણબત્તી લઈને કેશ કાઉન્ટર સ્કેન કરી રહ્યો હતો. દરમિયાન હાથમાંથી મીણબત્તી સરકીને નીચે પડી ગઈ હતી. તે દરમિયાન દુકાનમાં રાખેલ પેટ્રોલના ગેલન સાથે સંપર્કમાં આવતા અચાનક આગ ફાટી નીકળી હતી. દુકાનમાં ફસાયેલા ચોરોએ એલાર્મ વગાડતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. તેમાંથી બેને બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે એક ચોર દુકાનની અંદર આગની લપેટમાં આવી જતા મૃત્યુ પામ્યો હતો. મૃતકની ઓળખ બાલુમથ પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી અમિત તુરી તરીકે થઈ છે. ઘાયલ થયેલા ચોરોના નામ સાગર તુરી અને સત્યમ ભુઈયા છે.

ઘટનાની માહિતી મળતાં મોડી રાત્રે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ ગયા હતા. આમાંથી એક સાગર તુરી ૮૦ ટકાથી વધુ દાઝી ગયો છે. પોલીસે સત્યમ ભુયાનું નિવેદન નોંધ્યું છે. તે લાતેહાર જિલ્લાના મુરુપ ગામનો રહેવાસી છે. તેણે કહ્યું છે કે તે પાકરી ગામમાં તેના સંબંધીના ઘરે આવ્યો હતો. અમિત અને સાગર તુરી તેણીને મનાવીને પોતાની સાથે લઈ આવ્યા હતા.

દુકાનના માલિક બાલ્કેશ્વર સાહુએ પોલીસને જણાવ્યું હતું કે આગમાં હજારો રૂપિયાનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. બાલુમથ ડીએસપી આશુતોષ સત્યમે કહ્યું કે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.

### ૨૯ મે સુધી દિલ્હીમાં હીટવેવનું એલર્ટ જાહેર

# ગુજરાતથી લઈ દિલ્હી સુધી પ્રચંડ ગરમીથી લોકો પરેશાન

## ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની આગાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તે જ સમયે, તીવ્ર ગરમીનું મોજું ૨૯ મે સુધી દિલ્હીમાં તબાહી મચાવતું રહેશે. હવામાન વિભાગનું કહેવું છે કે દિલ્હીમાં આ પણ ગરમીનું જોર યથાવત રહેશે. દિલ્હી-એનસીઆર અને ગુજરાત સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં આ દિવસોમાં આકરી ગરમી પડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તે જ સમયે, તીવ્ર ગરમીનું મોજું ૨૯ મે સુધી દિલ્હીમાં તબાહી મચાવતું રહેશે. હવામાન વિભાગનું કહેવું છે કે દિલ્હીમાં પણ ગરમીનું જોર યથાવત રહેશે. દિલ્હીમાં મહત્તમ તાપમાન આજે એટલે કે ૨૫મી



મેના રોજ મતદાનના દિવસે ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે. આ સમયગાળા દરમિયાન ગરમીનું મોજું આવવાની પણ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં ૨૯ મે સુધી હીટવેવનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તે જ સમયે, આ અઠવાડિયે દિલ્હીનું દિવસનું તાપમાન ૪૫ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. ...સ્ઠ અનુસાર, આ સમગ્ર સપ્તાહમાં દિલ્હીનું મહત્તમ તાપમાન ૪૩ થી ૪૫ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે અને લઘુત્તમ તાપમાન ૩૧ થી ૩૨ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા છે. આ ઉપરાંત આ સપ્તાહ દરમિયાન જોરદાર પવન ચાલુ રહી શકે છે. ગુજરાતમાં આકરી ગરમીનો કહેર યથાવત છે. દરમિયાન, હવામાન વિભાગે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરી છે. હવામાન વિભાગે ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ હીટ એલર્ટ જાહેર કર્યું છે, આ દરમિયાન રાજ્યમાં સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૬.૬ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૬ ડિગ્રી નોંધાયું છે. ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગર ઉપરાંત સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૫.૯ ડિગ્રી, કચ્છમાં ૪૫.૫ ડિગ્રી, બનાસકાંઠામાં ૪૫.૪ ડિગ્રી અને વડોદરામાં ૪૫ ડિગ્રીએ પહોંચી ગયું છે.

### લૂંટેરી દુલ્હનના કિસ્સા વધી રહ્યા છે

# ભાવનગરની મહુવા પોલીસે લૂંટેરી દુલ્હન ગેંગની ધરપકડ કરી

। (એજન્સી) મહુવા,તા.૨૬ ।

દેશમાં લૂંટેરી દુલ્હનના કિસ્સા વધી રહ્યા છે.જેની સામે પોલીસ પણ સતત કાર્યવાહી કરી રહી છે.ત્યારે ભાવનગરની મહુવા પોલીસે લૂંટેરી દુલ્હન ગેંગની ધરપકડ કરી છે.પોલીસે મહારાષ્ટ્રના પાલઘર વિસ્તારની ૬ મહિલાઓની ધરપકડ કરી છે. જેઓ લગ્નની લાલચ આપીને લોકો સાથે લાખોની છેતરપિંડી કરતા હતા.આપને જણાવી દઈએ કે મહુવાના એક વ્યકિતએ ૨ મહિના પહેલા ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આ લૂંટેરી દુલ્હન ગેંગેની તપાસ હાથ ધરવામાં આવી હતી.આ ગેંગે શીલા નામની યુવતી સાથે ઓળખાણ કરાવી અને ફરિયાદીને લગ્નની



લાલચ આપી હતી. દેશમાં લૂંટેરી દુલ્હનના કિસ્સા વધી રહ્યા છે.જેની સામે પોલીસ પણ સતત કાર્યવાહી કરી રહી છે.

ત્યારે ભાવનગરની મહુવા પોલીસે લૂંટેરી દુલ્હન ગેંગની ધરપકડ કરી છે.પોલીસે મહારાષ્ટ્રના પાલઘર વિસ્તારની ૬ મહિલાઓની ધરપકડ કરી છે. જેઓ લગ્નની લાલચ આપીને લોકો સાથે લાખોની છેતરપિંડી કરતા હતા.

### શારદાબેન હોસ્પિટલમાં હાલાકીથી દર્દીઓ પરેશાન

# અવ્યવસ્થા અને અસુવિધાને કારણે દર્દીઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો

। (એજન્સી) અમદાવાદ,તા.૨૬ ।

અમદાવાદમાં શારદાબેન હોસ્પિટલની અવ્યવસ્થા અને અસુવિધાને કારણે દર્દીઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. કાળઝાળ ગરમી વચ્ચે પણ દર્દીઓના સ્વજનો માટે પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નથી અને ઠંડા પાણીના જે કુલર રાખેલા છે તે પણ બંધ હાલતમાં છે. દર્દીઓને ન છુટકે બહારથી રૂપિયા ખર્ચીને પાણી લાવવુ પડે છે. એક તરફ ગરમી અને બીજી તરફ હાલાકી. જીહાં વાત કરીશું અમદાવાદની એક એવી હોસ્પિટલની જ્યાં જઈને દર્દીઓ રાહત નહીં પરંતુ હાલાકીનો સામનો કરી રહ્યા છે. દર્દથી પરેશાન દર્દી હોસ્પિટલમાં રાહત માટે જતો હોય છે.પરંતુ અમદાવાદની શારદાબેન હોસ્પિટલમાં જઈને દર્દીઓ આહત થઈ રહ્યા છે અને હાલાકી વેઠી રહ્યા છે. દર્દીઓની આ પરેશાનીનું કારણ છે પ્રાથમિક સુવિધા.હાલ શહેર કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યું છે ત્યારે શારદાબેન હોસ્પિટલમાં પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાનો પણ અભાવ છે અભાવ. જૂની બિલ્ડીંગમાં સ્થિતિ એટલી તો કફોડી છે કે દર્દીઓને પીવાનું પાણી ઘરેથી અથવા તો પછી રૂપિયા ખર્ચીને લાવવુ પડે છે. જો દર્દીને ઠંડુ પાણી જોઈતુ હોય તો પરિજનોને પોતાના પૈસા ખર્ચવા પડે છે. જૂની બિલ્ડિંગમાં માત્ર એક જ વોટર કુલર છે અને તે પણ બેઝમેન્ટમાં. એટલે વિચારો કે, જો ઠંડુ પાણી જોઈતું હોય તો વ્યક્તિને ચોથા માળેથી બેઝમેન્ટ સુધી ધક્કો ખાવો પડે. માત્ર પીવાના પાણીનો જ પ્રશ્ન છે તેવું નથી. અહીં વ્યવસ્થાનો પણ અભાવ છે. દર્દીઓને ખુલ્લી લોબીમાં સુવડાવવાનો વારો આવ્યો છે.

# ચીની સેનાએ તાઈવાનમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો

## ચીની નૌકાદળના ૨૭ જહાજ અને ૬૨ યુદ્ધ વિમાન તાઈવાન સરહદની નજીક આવી ગયા છે, પરસ્પર તણાવ વચ્ચે કર્યો ઘૂસણખોરીનો પ્રયાસ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૬ ।

ચીન અને તાઈવાન વચ્ચે લાંબા સમયથી પરસ્પર તણાવ ચાલી રહ્યો છે. દરમિયાન શુક્રવાર અને શનિવારે ચીની સેનાએ તાઈવાનમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હોવાની માહિતી મળી હતી. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે શનિવારે આ મામલે એક નિવેદન જારી કરીને કહ્યું કે, ચીની નૌકાદળના ૨૭ જહાજ અને ૬૨ યુદ્ધ વિમાન તાઈવાન સરહદની નજીક આવી ગયા છે.



ચીની એરક્રાફ્ટ તાઈવાન સ્ટ્રેટની મધ્યરેખાને પાર કરતા અને ચીન-તાઈવાન સરહદની નજીક જોવા મળ્યા હતા. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૪૭ ચીની વિમાનો તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખાને પાર કરીને તાઈવાનના દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ વિસ્તારોમાં પ્રવેશ્યા હતા.આ બાબતને લઈને તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે તાઈવાન સ્ટ્રેટની મધ્યમ મર્યાદા ચીન અને તાઈવાન વચ્ચેની જળ સંધિની બિનસત્તાવાર મર્યાદા છે. આ સરહદ પાર કરીને તાઈવાને ચીન પર ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે.

આ પહેલા પણ ચીને તાઈવાન સ્ટ્રેટની મધ્ય સરહદ પાર કરીને તાઈવાનની સરહદમાં પ્રવેશ કર્યો છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ચીનના લશ્કરી વિમાનો અને નૌકાદળના જહાજોએ ૪૦ વખત અને ૨૭ વખત ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો છે.આ મામલે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે કહ્યું કે ચીને તાઈવાન સ્ટ્રેટ અને તેની આસપાસના વિસ્તારોમાં બે દિવસીય સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. ચીને તાઈવાન પર નજર રાખવા માટે આ સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. તે જ સમયે, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ તાઈવાન સ્ટ્રેટ અને તેની આસપાસના વિસ્તારોમાં ચીન અને પીપલ્સ લિબરેશન આર્મીના સૈન્ય અભ્યાસ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વાત અહીંથી શરૂ થાય છે કે ચીન તાઈવાનને પોતાનો અભિન્ન અંગ માને છે. જ્યારે તાઈવાન પોતાને ચીનનો હિસ્સો નથી પરંતુ સાર્વભૌમ રાષ્ટ્ર માને છે. પરંતુ સમગ્ર વિશ્વમાં ચીનના વર્ચસ્વને જોતા માત્ર ૧૦ દેશોએ જ તાઈવાનને એક દેશ તરીકે માન્યતા આપી છે.

# સિવિલમાં ગરમીથી ત્રાહિમામ થતા લોકો સુવિધાના અભાવે વધુ ત્રસ્ત થયા

। (એજન્સી) રાજકોટ,તા.૨૬ ।

સિવિલ હોસ્પિટલમાં લાલિયાવાડી સામે આવી. કાળઝાળ ગરમીથી ત્રસ્ત દર્દીઓ હોસ્પિટલમાં પણ વધુ હેરાનપરેશાન થઈ રહ્યા છે. હોસ્પિટલમાં દર્દીઓના જેટલા બેડ છે તેટલા પંખા નથી. બીમારીમાં સારવાર માટે દાખલ થયેલા દર્દીઓ ગરમીના કારણે વધુ મુશ્કેલી ભોગવી રહ્યા છે. હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓ અંગદઝાડતી ગરમીથી રાહત મેળવવા પોતાના ઘરેથી જ પંખા અને કુલર લઈને આવ્યા. સિવિલમાં ગરમીથી ત્રાહિમામ થતા લોકો સુવિધાના અભાવે વધુ ત્રસ્ત થયા છે. સિવિલ હોસ્પિટલમાં ગરમીનો પારો વધતા દર્દીઓની સંખ્યા પણ વધી છે.



ગરમીમાં હિટ સ્ટ્રોકના કારણે ખેંચ આવવા અને ચક્કર આવવાના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. ત્યારે બીમારીનો ઉપચાર કરવાવા લોકો હોસ્પિટલ જાય છે. પરંતુ હોસ્પિટલમાં પણ લાલિયાવાડીના દશ્યો જોવા મળ્યો. સુરતની સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં દર્દીઓની લાંબી લાઈન જોવા મળી. ઉપચાર કરાવવા દાખલ થયેલા દર્દીઓ ગરમીથી રાહત મેળવવા ઘરેથી પંખા અને કુલર લાવવા મજબૂર બન્યા. હોસ્પિટલમાં એકબાજુ મોટા ઓફિસર અને ડોક્ટર માટે છઝની વ્યવસ્થા છે. જ્યારે દર્દીઓને સુવિધા આપતા સાધનો બહુ ઓછા છે. ખાસ કરીને જ્યારે આ વર્ષની ગરમીએ અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડ્યો છે. ત્યારે લોકોને અસર કરતી આ ગરમીમાં દર્દીઓ માટે સામાન્ય પંખાની સુવિધા પણ હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી. જેના કારણે દર્દીઓ મજબૂરીમાં આવા સંસાધનો ઘરેથી લાવી રહ્યા છે. શહેરમાં લૂ લાગવાથી બે વ્યક્તિના મોત થયા છે જ્યારે સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધી ૨૦થી વધુ વ્યક્તિના ગરમીના કારણે મોત થયા છે.

# સુરત મહાનગર પાલિકાના સફાઈ કર્મચારી પર હુમલો

। (એજન્સી) સુરત,તા.૨૬ ।

સુરત મહાનગરપાલિકાના સફાઈ કર્મચારી ને પોતાના ભેસ્તાન વિસ્તારમાં સફાઈ કરતો હતો તે દરમિયાન તેના વિસ્તારના એક શખ્સે નશાની હાલતમાં બોલાચાલી કરી હતી, ત્યારબાદ ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં પ્રવેશ કરી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો, જેથી સફાઈ કામદારને જમણા હાથની કોણીના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

સુરતમાં સરકારી કામદારો પર હુમલાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ભેસ્તાન વિસ્તારમાં ફરજ બજાવતા મનપાના સફાઈ કર્મચારી આજરોજ રાબેતા મુજબ તેમના વિસ્તારમાં સફાઈ કરવા ગયા હતા, તે દરમિયાન ત્યાં હાજર એક શખ્સ સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી, જેમાં મામલો ઉગ્ર બન્યો હતો, ત્યારબાદ ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં પ્રવેશ કરી તીક્ષણગ હથિયાર વડે હુમલો કર્યો હતો. જેથી સફાઈ કામદારને જમણા હાથના કોણીના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ઈજાગ્રસ્ત કર્મચારી પ્રકાશ સન્યાસીએ કહ્યું કે, હું સફાઈ કામદાર છું. છેલ્લા ૩ દિવસ બાદ કામ પર હાજર થયો હતો. કોઈ પંડિત નામના શખ્સે બોલાચાલી કરી હતી. અપશબ્દો કહેતા કચરાની ગાડી વાળો જતો રહ્યો હતો. ત્યારે મને કહેવા લાગ્યો કે તમે હરામનો પગાર લો છો. પરંતુ હું મારા અધિકારીને ફોન કરતા ત્યાંથી નીકળીને ઓફિસ જતો રહ્યો હતો. પરંતુ ઓફિસમાં ચપ્પુ લઈને આવી ગયો અને મારા પર હુમલો કર્યો હતો. જેથી મને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ આવવામાં આવ્યો હતો. ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં ઘુસીને હુમલો કરવામાં આવ્યો હતો.

આ અંગે અધિકારીએ કહ્યું કે, જો આ રીતે ઓફિસમાં ઘુસીને હુમલાઓ થતાં રહેશે તો કર્મચારીઓને કામ કરવું પણ મુશ્કેલ થઈ જશે. મોટી સંખ્યામાં કામદારો પાલિકામાં સેવા આપી રહ્યાં છે. ત્યારે તેમને આ રીતની કનડગત થાય તે યોગ્ય નથી. તેને રક્ષણ મળવું જોઈએ.

# કેન્યામાં સોનાની ખાણ ધરાશાયી થતા ૫ લોકોના મોત, ઘણા લાપતા

## હિલો આર્ટિસાનલ ખાણમાંથી પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા હજુ ત્રણ લોકો ગુમ છે, તેમને શોધી કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

। (એજન્સી) કેન્યા,તા.૨૬ ।

ઉત્તરી કેન્યામાં એક અકસ્માત સર્જાયો છે. અહીં સોનાની ખાણ ધરાશાયી થવાને કારણે ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે. સત્તાવાળાઓ અને સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું કે ઘણા લોકો ગુમ છે. હિલો આર્ટિસાનલ ખાણમાંથી પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. હજુ ત્રણ લોકો ગુમ છે. તેમને શોધી કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એક અધિકારી પોલ રોટિચે જણાવ્યું હતું કે ઘણા લોકો રેસ્ક્યુ આર્ટિઝનલ ખાણમાં કામ કરી રહ્યા હતા. આ પછી ખાણ અચાનક ધરાશાયી થઈ ગઈ અને તમામ લોકો જીવતા દટાઈ ગયા. પાંચ મૃતદેહ મળી આવ્યા છે. તે જ સમયે, અન્ય ત્રણ લોકોનો પત્તો લાગ્યો નથી. પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગુમ થયેલા તમામ લોકોની શોધખોળ તેજ કરી દેવામાં આવી છે.

સ્થાનિક મીડિયાએ શનિવારે સવારે અહેવાલ આપ્યો કે બે ઘાયલ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માર્સાબિટ કાઉન્ટી કમિશનર ડેવિડ સરુનીએ જણાવ્યું હતું કે મુશળધાર વરસાદને કારણે સંકટ ચાલુ છે. જેના કારણે ખાણ તૂટી પડી હતી. અઠવાડિયાના સતત વરસાદ પછી દેશભરમાં પૂર અને ભૂસ્ખલનમાં સેંકડો લોકોના મોત થયા છે. માર્ચમાં ઈથોપિયન સરહદ નજીક ખાણ બંધ થઈ ગયા પછી પણ ખોદકામ ચાલુ છે.કેન્યાની ખાણોમાં ૨૫,૦૦૦ થી વધુ લોકો કામ કરે છે. જેમાંથી ૪૦ ટકા મહિલાઓ છે. ખાણકામને કારણે ઓછામાં ઓછા ૮૦૦૦૦૦ લોકો આજીવિકા પર નિર્ભર છે. એક ઈથોપિયન માણસે કહ્યું કે ખાણકામ એ નસીબનો ખેલ છે. ઘણા લોકો મહિનાઓ સુધી ખોદકામ કરે છે અને થોડા ગ્રામ સોનું મેળવી શકે છે. પરંતુ સોનામાંથી મળેલા નાણાંનો ઉપયોગ જંગી દેવાની ચૂકવણીમાં થાય છે. જેના કારણે તેઓ ખાલી હાથે ઘરે પરત ફરે છે.

# મહેસાણામાં PM મોદીને સરપંચે પત્ર લખી દબાણોની રજૂઆત કરી

। (એજન્સી) મહેસાણા,તા.૨૬।

ઊંઝાના ઉનાવામાં દબાણો હટાવવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ગામના સરપંચે દબાણો દૂર નહીં થતા હોવાને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. જેના ચાર જ દિવસમાં જ તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મહેસાણા જિલ્લાના ઉનાવામાં દબાણો હટાવવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ગામના સરપંચે દબાણો દૂર નહીં થતા હોવાને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. જેના ચાર જ દિવસમાં જ તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઊંઝા તાલુકાના ઉનાવા ગામમાં થઈને સ્ટેટ હાઈવે પસાર થાય છે. જેની બંને બાજુઓ સહિત ગામમાં દબાણો વધી ગયા હતા. વધતા દબાણોને લઈ આખરે હવે વડાપ્રધાન મોદીને પત્ર લખવામાં આવ્યો હતો. જેના ચાર દિવસમાં જ રાજ્યના માર્ગ-મકાન વિભાગની ટીમો દ્વારા દબાણ હટાવવા માટેની કામગીરી શરુ કરવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# કરોડો ખર્ચીને શ્રીલંકામાં બનાવેલા એરપોર્ટનું સંચાલન ભારતને સોંપાયું

શ્રીલંકાના હંબનટોટામાં આવેલા મટાલા રાજપક્ષે આંતરરાષ્ટ્રીય એરપોર્ટના સંચાલનની જવાબદારી ભારત અને રશિયાની કંપનીને આપવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયને ચીન માટે જોરદાર ઝટકો માનવામાં આવી રહ્યો છે. આ એરપોર્ટનું નિર્માણ ૨૦૯ મિલિયન અમેરિકન ડૉલરના ખર્ચે કરવામાં આવ્યું છે. એક સમયે ફ્લાઈટના અભાવે આ એરપોર્ટ વિશ્વનું સૌથી નિર્જન એરપોર્ટ ગણાતું હતું. મટાલા એરપોર્ટનું નામ પૂર્વ રાષ્ટ્રપતિ મહિન્દા રાજપક્ષેના નામ પરથી રાખવામાં આવ્યું છે. મહિન્દા રાજપક્ષેના લગભગ એક દાયકા લાંબા શાસન દરમિયાન ઘણા વિશાળ માળખાકીય પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી આ એક છે.

શ્રીલંકાની સરકારના પ્રવક્તા અને મંત્રી બંધુલા ગુણવર્દનેએ જણાવ્યું હતું કે શ્રીલંકાની કેબિનેટે ૯ જાન્યુઆરીએ સંભવિત પક્ષોના ટેન્ડર આમંત્રિત કરવા મંજૂરી આપી હતી. ત્યારબાદ ૫ દરખાસ્તો મળી હતી. કેબિનેટ દ્વારા નિયુક્ત સલાહકાર સમિતિએ ૩૦ વર્ષ માટે ભારતની શૌર્ય એરોનોટિક્સ (પ્રાઈવેટ) લિમિટેડ અને રશિયાની એરપોર્ટ્સ ઑફ રિજન મેનેજમેન્ટ કંપનીને મેનેજમેન્ટ એગ્રીમેન્ટ આપવાનો નિર્ણય લેવાયો હતો. ગુણવર્દનેએ કહ્યું કે કેબિનેટે નાગરિક ઉડ્ડયન અને એરપોર્ટ સેવાઓના મંત્રી દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

ચીને આ પ્રોજેક્ટ માટે ઊંચા વ્યાજ દરે કોમર્શિયલ લોન આપી હતી. આ પ્રોજેક્ટ પર ૨૦૯ અમેરિકન મિલિયન ડૉલરનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેમાંથી ૧૯૦ અમેરિકન મિલિયન ડૉલરની લોન ચીનની એક્ઝિમ બેંક દ્વારા ઊંચા વ્યાજ દરે આપવામાં આવી છે. શ્રીલંકાની સરકાર ૨૦૧૬ થી આ એરપોર્ટનું સંચાલન કરવા માટે વ્યવસાયિક ભાગીદારની શોધ કરી રહી હતી કારણ કે તેને ભારે નુકસાન થઈ રહ્યું હતું. અહીં મુસાફરોની સંખ્યા ઓછી હોવાને કારણે ફ્લાઈટ્સની સંખ્યા સતત ઘટી રહી છે.

આ ઉપરાંત, આ એરપોર્ટ પર્યાવરણની દૃષ્ટિએ પણ ખૂબ જ સંવેદનશીલ હતું. સતત ખોટને કારણે એરપોર્ટના નિર્માણ પર સવાલો ઉભા થયા હતા. ઘણા નિષ્ણાતોએ કહ્યું કે આ એરપોર્ટ બનાવીને ચીને શ્રીલંકાને વધુ એક દેવાની જાળમાં ફસાવી દીધું. હવે જોવાનું એ રહેશે કે ભારતીય અને રશિયન કંપનીઓને મેનેજમેન્ટની જવાબદારી મળ્યા બાદ શું બદલાવ આવશે.


## ભાજપે ક્યારેય દેશની આઝાદી માટે કામ નથી કર્યું

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાના મતદાન માટે તમામ પાર્ટીઓ પોત-પોતાના પ્રચારમાં લાગેલી છે. આ દરમિયાન નેતાઓની રાજકીય નિવેદનબાજી પણ તેજ થઈ છે. આ વચ્ચે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ સરકાર પર પ્રહાર કર્યા છે. આસામના ગુવાહાટીમાં મીડિયામાં આપેલા નિવેદનમાં તેમણે કહ્યું કે, 'વડાપ્રધાન મોદીની વાતોથી એવું લાગે છે કે દેશને આઝાદી ભાજપ સરકાર (૨૦૧૪) બન્યા બાદ મળી છે, તે પહેલા તો દેશ આઝાદ જ નહોતો થયો' ખડગેએ કહ્યું કે, 'વડાપ્રધાન મોદી દેશભક્તિની વાતો કરે છે. તેઓ એવું દર્શાવે છે કે દેશભક્તિમાં તેઓ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ અને ઈન્દિરા ગાંધીથી પણ આગળ છે. કૉંગ્રેસ પાર્ટીએ દેશને આઝાદ કરાવ્યો હતો. ભાજપે ક્યારેય દેશની આઝાદી માટે કામ નથી કર્યું. વડાપ્રધાન મોદી રાષ્ટ્રવાદ અંગે ઘણું બોલે છે જેમકે પહેલા નેહરૂ, ઈન્દિરા અને લાલ બહાદૂર શાસ્ત્રી જેવા મોટા નેતાઓએ કંઈ કર્યું જ નહીં.' લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાના મતદાન માટે તમામ પાર્ટીઓ પોત-પોતાના પ્રચારમાં લાગેલી છે. આ દરમિયાન નેતાઓની રાજકીય નિવેદનબાજી પણ તેજ થઈ છે. આ વચ્ચે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ સરકાર પર પ્રહાર કર્યા છે. આસામના ગુવાહાટીમાં મીડિયામાં આપેલા નિવેદનમાં તેમણે કહ્યું કે, 'વડાપ્રધાન મોદીની વાતોથી એવું લાગે છે કે દેશને આઝાદી ભાજપ સરકાર (૨૦૧૪) બન્યા બાદ મળી છે, તે પહેલા તો દેશ આઝાદ જ નહોતો થયો' ખડગેએ કહ્યું કે, 'વડાપ્રધાન મોદી દેશભક્તિની વાતો કરે છે. તેઓ એવું દર્શાવે છે કે દેશભક્તિમાં તેઓ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ અને ઈન્દિરા ગાંધીથી પણ આગળ છે. કૉંગ્રેસ પાર્ટીએ દેશને આઝાદ કરાવ્યો હતો. ભાજપે ક્યારેય દેશની આઝાદી માટે કામ નથી કર્યું. વડાપ્રધાન મોદી રાષ્ટ્રવાદ અંગે ઘણું બોલે છે જેમકે પહેલા નેહરૂ, ઈન્દિરા અને લાલ બહાદૂર શાસ્ત્રી જેવા મોટા નેતાઓએ કંઈ કર્યું જ નહીં.'

થોડા દિવસ અગાઉ કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રોજગારીનો મુદ્દો ઉઠાવી આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'દેશમાં યુવાઓ માટે સૌથી મોટો મુદ્દો રોજગારીનો છે. જો અમારી સરકાર સત્તામાં આવશે તો અમે 'રોજગાર ક્રાંતિ' લાવીશું. આ સાથે તેમણે 'ભારતીય ભરોસો', 'પ્રથમ નોકરી પાક્કી' અને 'પેપર લીકથી મુક્તિ' જેવી ગેરંટી આપી છે. ખડગેએ આજે એક્સ (ટ્વિટર) પર કહ્યું હતું કે, 'અમારી સરકાર આવશે તો 'ભારતી ભરોસા'ની ગેરેન્ટી હેઠળ ૩૦ લાખ નોકરીનું સર્જન કરવામાં આવશે. 'પ્રથમ નોકરી પાક્કી'ની ગેરેન્ટી હેઠળ એપ્રેન્ટિસશીપના અધિકાર દ્વારા દરેક ડિગ્રી/ડિપ્લોમા ધારકને વાર્ષિક રૂપિયા એક લાખના માનદ વેતન સાથે પ્રથમ નોકરીની ખાતરી આપીશું.' આ ઉપરાંત ખડગેએ 'પેપર લીકથી મુક્તિ'ના મુદ્દાનો ઉલ્લેખ કરી લખ્યું હતું કે, 'અમારી સરકાર આવશે તો કૉંગ્રેસ નોકરી માટેની પરીક્ષામાં થતા પેપર લીકના મુદ્દાનો નિવેડો લાવવા અને પીડિતોને નાણાંકીય વળતર આપવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરશે. તેમણે 'યુવા રોશની' ગેરેન્ટી હેઠળ કહ્યું કે, કૉંગ્રેસ સ્ટાર્ટ-અપ માટે ફંડ ઓફ ફંડ્સ યોજનાની રચના કરશે અને ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાઓને લાભ મળી શકે તે માટે દેશના તમામ જિલ્લાઓમાં સમાન ફંડ ૫૦ ટકા, ૫૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરીશું.' ખડગેએ આજે એક્સ (ટ્વિટર) પર કહ્યું હતું કે, 'અમારી સરકાર આવશે તો 'ભારતી ભરોસા'ની ગેરેન્ટી હેઠળ ૩૦ લાખ નોકરીનું સર્જન કરવામાં આવશે. 'પ્રથમ નોકરી પાક્કી'ની ગેરેન્ટી હેઠળ એપ્રેન્ટિસશીપના અધિકાર દ્વારા દરેક ડિગ્રી/ડિપ્લોમા ધારકને વાર્ષિક રૂપિયા એક લાખના માનદ વેતન સાથે પ્રથમ નોકરીની ખાતરી આપીશું.'

**મિથિલા નગરીને વિદેહ નગરી કહેવામાં આવે છે, એનું કારણ રાજા જનક વિદેહ રાજ કહેવાય છે**

# રાજા જનક દેહધારી હોવા છતાં વિદેહી એટલે કે વિદેહ એટલે કે વિહીન કહેવાય છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રાજા જનકના વિદેહી હોવાનું બીજું દૃષ્ટાંત આપણે હવે પછીના મંગળવારના ચિંતનમાં જોઈશું. રાજા જનક એ એક ઉત્તમ રાજા હતાં, એના કેટલાય દાખલાઓ આપણને મળશે. એમનું રાજ્ય ત્યારે પણ શિક્ષિત અને વિકસિત હતું,**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એક તો લોકસભાની ચૂંટણીનાં પરિણામ ને કારણે આખાં દેશમાં ગરમ વાતાવરણ છે, અને ઋતુ પ્રમાણે પણ વૈશાખની કાળજાળ ગરમીથી સામાન્ય માનવી પરેશાન છે. ઉપરથી રાજકોટ માં ગેંગ ઝોનમાં કેટલાય સ્ત્રી પુરુષ અને બાળકો બળીને ભડથું થઈ ગયા! આખરે દોષ કોનો છે?? પણ અત્યારે ખેડૂત પ્રમાણમાં થોડીક આશાભરી નજરે આ ગરમી સહન કરી રહ્યો છે. એટલે કે ઉનાળો સારો જાય તો ચોમાસુ પણ સારું જાય, જેટલું તપે એટલું એટલું ઠરે પણ ખરું. ચોમાસુ સારું, નો મતલબ કે વરસાદની માત્રા પ્રમાણસર હોવી જોઈએ, ન અતિવૃષ્ટિ કે ન અવૃષ્ટિ! જોકે આ પ્રકારની ગરમી ને કારણે જ દર વર્ષે અતિવૃષ્ટિ થાય છે અને એને કારણે જગતનો તાત દુઃખી દુઃખી થઈ જાય છે. ખેડુતને જગતનો તાત કહેવામાં આવે છે, અને રામાયણ કાળમાં એ જ રીતે રાજા જનકને પણ જગ તાત માનવામાં આવતાં હતાં, તો આજે આપણે એના વિશે ચિંતનમાં વાત કરીશું.

રાજા જનક એટલે મિથીલા નગરીના રાજા, રાણી સુનયના પતિ, અને સીતા માતાના પિતા. પરંતુ આટલો ટૂંકો તેમનો પરિચય નથી. મિથિલા નગરી ને વિદેહી નગરી પણ કહેવામાં આવે છે, અને એ રાજા જનકનો સાચો પરિચય છે. એટલે કે રાજા જનક એક પૂર્ણ વૈરાગી અને તપસ્વી જીવન જીવતા હતાં. રાજા હોવા છતાં પણ તેનું મન ભોગવિલાસ કે અન્ય કોઈ મોજશોખમાં લાગતું નહોતું. તેમના દરબારમાં કાયમ ઋષિમુનિઓ અને વિદ્વાનોના શાસ્ત્રાર્થ થતાં હતાં. રાજા જનક પ્રજાવત્સલ પણ હતાં, એમના રાજ્યમાં દુષ્કાળ પડયો ત્યારે જમીન ખેડતી વખતે જ તેમને જાનકી એટલે કે સીતાજી મળ્યા હતાં.

મિથિલા નગરીને વિદેહ નગરી કહેવામાં આવે છે, એનું કારણ રાજા જનક વિદેહ રાજ કહેવાય છે, વિદેહ એટલે દેહથી પરેની અવસ્થા. એમને ત્યાં શાસ્ત્રાર્થ માટે આવનારા વિદ્વાનોને બહુ આશ્ચર્ય થતું કે રાજા પોતાની જાતને વિદેહી કેમ કહી શકે? જ્યારે રાજા જનક તો દેહથી જીવે છે. જનકરાજાને આ બાબતે ઘણા લોકો એ પ્રશ્ન પણ કર્યા હતાં. પરંતુ તર્કથી આ વાત સમજાશે નહિ, માટે તેમણે દરેકને જુદી જુદી રીતે આ વાત સમજાવી હતી, આપણે બે દ્રષ્ટાંત પરથી એ વાત સમજીશું. રાજા જનકના દરબારમાં એકવાર એક વિદ્વાને પ્રશ્ન કર્યો કે હે રાજન તમે દેહધારી હોવા છતાં, વિદેહી કહેવડાવવા નું કેમ પસંદ કરો છો? જનક રાજાએ તરફ ફરમાન કર્યું કે આ વ્યક્તિને આજથી છઠ્ઠા દિવસે મૃત્યુદંડ આપવામાં આવશે, અને સભા આખી સ્તબ્ધ થઈ ગઈ, જનક રાજા પાસેથી આવા ન્યાયની કોઈને અપેક્ષા હતી નહીં. એ વિદ્વાનને પણ થયું કે મેં બહુ મોટી ભૂલ કરી, રાજા નું અહમ ઘવાયું છે, અને હવે મને કોઈ બચાવી નહીં શકે. તે ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યાં, અને તેનું મન દુઃખી થઈ ગયું. હવે એને કોઈ પણ પ્રકારના ભોગ વિલાસ કે મોજશોખ આકર્ષિત કરી શકતા નહીં, મૃત્યુનો ભય તેને ઘેરી વળ્યો હતો. છ દિવસ પછી તેનું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે! એ વિશે તે ખૂબ જ ચિંતિત હતાં દુઃખમાં ને દુઃખમાં પાંચ દિવસ કોઈ મોજશોખ કે ભોગવિલાસ વગર વીતી ગયાં. છઠ્ઠા દિવસનો પ્રારંભ થયો, અને એ વિદ્વાન ને થયું કે રાજમહેલમાં જઈ અને રાજાની માફી માંગી લઉં, તો કદાચ મૃત્યુદંડ માંથી બચી શકાય! એ વિદ્વાન પોતાના નિવાસથી બહાર નીકળતા હતાં ત્યાં, રાજ દરબાર માંથી તેને તેડવા એક સુંદર બગી આવી. એમાં બેસી એ રાજ મહેલ પહોંચે છે, પરંતુ આ સુંદર બગી તેને આજે કોઈ આનંદ આપનારી નહોતી. રાજમહેલમાં પહોંચતા જ રાજા જનકે તેનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, અને તેને રાજમહેલમાં દોરી ગયાં. અહીં આગળ એક મિજબાનીનું આયોજન કરવામાં આવ્યું હતું, અને રાજા જનકે તેને કહ્યું કે આ ભોગવિલાસ મોજશોખનાં સાધનો બધું જ તમારી માટે છે. તમે આજે આમાંથી જે ગ્રહણ કરવા ઈચ્છો તે કરી શકો છો! આ કિંમતી ભેટ સોગાદ પણ તમારે માટે છે, તમે ઈચ્છો તેટલું લઈ શકો છો, અને સામે રાખેલા સ્વાદિષ્ટ વ્યંજનો પણ તમારી માટે જ છે, તમે મુક્ત મને આ બધા જ ભોગ ભોગવો. એ વિદ્વાને કહ્યું કે રાજન! મારી કોઈ રૂચિ નથી. પરંતુ રાજ આજ્ઞા થતાં તેમણે થોડુંક ભોજન કર્યું, અને એ વિદ્વાન રાજ મહેલમાં આંટા મારતા હતાં, જ્યાં આવવું એ થોડાં દિવસ પહેલા એમનું સ્વપ્ન હતું, પણ આજે એને એમાં રસ નહોતો. થોડીવારમાં રાજા જનક પાછાં આવ્યાં અને તેમણે પૂછ્યું કે આમાંથી તમને સૌથી વધુ કયા પ્રકારના ભોગનું આકર્ષણ થયું? કઈ વાનગી વધારે ભાવી? એ વિદ્વાને કહ્યું કે રાજન આપના આદેશ મુજબ મેં ભોજન તો ગ્રહણ કર્યું, પરંતુ મને એમાં કોઈ રસ આવ્યો નહીં, કોઈ સુખ મળ્યું નહીં, આ એક પણ પ્રકારના ભોગો આજે મને આકર્ષી રહ્યાં નહોતાં, કારણ કે હમણાં જ મારું મૃત્યુ થવાનું છે, એ ભય મને સતત સતાવતો હતો. રાજા જનકે કહ્યું કે એટલે કે તમે વિદેહી હતા! શરીર જીવંત હોવા છતાં તમે શરીરથી મુક્ત હતા! ભલે ડરને કારણે પણ તમે આ છ દિવસ શરીરથી પરેની અવસ્થામાં જીવતા હતાં. બસ આ જ રીતે હું કાયમ વિ દેહ એટલે કે હું દેહ નથી એમ જીવું છું,અને હું માત્ર શરીર નથી, એ વિચાર મને વિદેહી તરીકે જીવાડવા માટે પર્યાપ્ત છે, અને એટલે જ આ ભોગ-વિલાસ કે મોજશોખ મને આકર્ષી શકતા નથી. હું કાયમ એ સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા તત્વનું અનુસંધાન કરવા ઋષિ-મુનિઓ તેમજ વિદ્વાનોની સભામાં રહું છું, અને વેદની ઉદઘોષણા મુજબના ઈશ્વરને આરાધવામાં તલ્લીન રહું છું.

રાજા જનકના વિદેહી હોવાનું બીજું દૃષ્ટાંત આપણે હવે પછીના મંગળવારના ચિંતનમાં જોઈશું. રાજા જનક એ એક ઉત્તમ રાજા હતાં, એના કેટલાય દાખલાઓ આપણને મળશે. એમનું રાજ્ય ત્યારે પણ શિક્ષિત અને વિકસિત હતું, પ્રજા પોતાના રાજાથી સુખી હતી, અને પ્રમાણમાં સમૃદ્ધ કહી શકાય એવા રાજ્યના તે રાજા હતાં. મા જગદંબા જાનકીનો જ્યાં નિવાસ હોય ,ત્યાં એશ્વર્યની શું કમી હોય? એ રીતે ત્યાં આગળ બધું જ હતું, અને છતાં વિદેહી તરીકે જીવવું, એ કોઈ મામૂલી વાત નથી. આજે આપણા બધાનાં જીવન જરૂરિયાતને નામે મોજશોખ પૂરાં કરવાનું સાધન બની ગયું છે. ત્યારે વિદેહની આ વ્યાખ્યા આપણને આ ભોગ માંથી મુક્ત કરાવી શકે. દેહમાં છીએ ત્યાં સુધી, દેહને દેવળ બનાવી એમાં પ્રસ્થાપિત કરેલ પ્રાણની પૂજા કરીને જીવીએ. પૂજામાં નિયત માત્રામાં દ્રવ્ય વાપરવામાં આવે છે, એટલે આપણે પણ એ મુજબ જીવન જરૂરિયાતની વસ્તુઓનો ઉપયોગ કરીને સંયમી જીવન જીવીએ, રાજા જનક જેમ વિદ્વાન ને વૈરાગી ન બની શકીએ તો કંઈ નહીં,પણ એ ભાવમાં જીવવાની કોશિશ આપણે સૌ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

રાજા જનકના વિદેહી હોવાનું બીજું દૃષ્ટાંત આપણે હવે પછીના મંગળવારના ચિંતનમાં જોઈશું. રાજા જનક એ એક ઉત્તમ રાજા હતાં, એના કેટલાય દાખલાઓ આપણને મળશે. એમનું રાજ્ય ત્યારે પણ શિક્ષિત અને વિકસિત હતું, પ્રજા પોતાના રાજાથી સુખી હતી, અને પ્રમાણમાં સમૃદ્ધ કહી શકાય એવા રાજ્યના તે રાજા હતાં. મા જગદંબા જાનકીનો જ્યાં નિવાસ હોય ,ત્યાં એશ્વર્યની શું કમી હોય? એ રીતે ત્યાં આગળ બધું જ હતું, અને છતાં વિદેહી તરીકે જીવવું, એ કોઈ મામૂલી વાત નથી. આજે આપણા બધાનાં જીવન જરૂરિયાતને નામે મોજશોખ પૂરાં કરવાનું સાધન બની ગયું છે. ત્યારે વિદેહની આ વ્યાખ્યા આપણને આ ભોગ માંથી મુક્ત કરાવી શકે. દેહમાં છીએ ત્યાં સુધી, દેહને દેવળ બનાવી એમાં પ્રસ્થાપિત કરેલ પ્રાણની પૂજા કરીને જીવીએ. પૂજામાં નિયત માત્રામાં દ્રવ્ય વાપરવામાં આવે છે, એટલે આપણે પણ એ મુજબ જીવન જરૂરિયાતની વસ્તુઓનો ઉપયોગ કરીને સંયમી જીવન જીવીએ, રાજા જનક જેમ વિદ્વાન ને વૈરાગી ન બની શકીએ તો કંઈ નહીં,પણ એ ભાવમાં જીવવાની કોશિશ આપણે સૌ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**કોઇને સંભળાયા નહીં. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યજ્ઞધર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથી એ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો**

# દેખ તેરે શાસન કી હાલત. ક્યા હો ગઈ સરકાર, કિતના બદલ ગયા ઈન્સાફ, કિતના બદલ ગયા



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સત્કર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો એ સત્કર્મ પણ પાપ બને છે. દક્ષ પ્રજાપતિએ શિવજી પ્રત્યે કુભાવ રાખ્યો તેથી દક્ષ પ્રજાપતિ નો ધર્મ પણ અધર્મ થયો. તેનો યજ્ઞ તેને મારનારો થયો. સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કર્મ સફળ થાય છે.**

શું લોકશાહી આવી હોય ? જેને લોકશાહીની સ્થાપના કરી હશે તેને પણ જ્યાં હશે ત્યાં રંજ થતો હશે.. મે-૨૦૧૯માં સુરતના સરથાન ટ્યુશન ક્લાસની આગ, મોરબીના ઝુલતા પુલનું ધરાશાઈ થવું અને વળી મે -૨૦૨૪ના વેકેશનમાં ગત શનિવારે રાજકોટ ના નાના મવા રોડ ઉપર સયાજી હોટેલ પાસે ચાર વર્ષથી ફાયર સહિતની કોઈપણ મંજુરી વગર ધમધમતા બે માળના ટીઆરપી ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડમાં નાના બાળકો સહિત અંદાજે ૪૦ જેટલા માનવ જીવ જીવતા એટલી હદે સળગી ગયા કે કોઈનો ચહેરો ઓળખાતો નહતો.આ ગેમઝોનમાં બે હજાર લીટર પેટ્રોલ,પંદર સો લીટર ડીઝલનો જથ્થો સંગ્રહિત જનરેટર અને બીજા ઉપયોગ માટે હતો. ઉનાળુ વેકેશન- ચોથો શનિવારને કારણે લોકોની ભીડ પણ હતી રૂ.૯૯ લઈને બધાને પ્રવેશ આપ્યો વેલ્ડિંગ કામ ચાલુ હતુંને અચાનક આ બે માળના ગેમઝોનમાં આગ લાગીને આંખના પલકારામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.. ખરેખર તંત્ર કેટલું લાંચિયું બની ગયું છે કે બધું ચાલે..અમારા કાંકરેજ તાલુકામાં ૨૦૧૭નું ભયાનક પુર આ ખાણખનીજ વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ કર્મચારીઓને આભારી હતું. અત્યારે આ વિસ્તારમાં આ ભ્રષ્ટ બાબુઓના કારણે બનાસ નદી પટ્ટ દિવસ રાત ખોદાઈ રહયો છે બોલે કોણ ?આવી દુર્ઘટના બને ત્યારે મગરના આંસુ સરવા બે ચાર દિવસ નેતાઓ અધિકારીઓ કહેવાતી સેવાભાવી સંસ્થાઓ દોડી આવે છે ત્યારે લોકો કહે છે કે આ બધું ચાલતું હતું તમે જાણતા હતા તો ચૂપ કેમ હતા ?આ ભ્રષ્ટ લોકો શું જવાબ આપે?આ સમયે હૃદય મન ઉકળી ઉઠે અને કહે દેખ તેરે સંસાર કી હાલત. ક્યા હો ગઈ ભગવાન,કિતના બદલ ગયા ઈન્સાન,કિતના બદલ ગયા... સુરજ ના બદલા ચાંદ ના બદલા,

ના બદલા આસમાન,કિતના બદલ ગયા ઈન્સાન...આયા સમય બડા બેઢંગા,આજ આદમી બના લફંગા કહીં પે ઝગડા,કહીં પે દંગા,નાચ રહા નર હોકર નંગા છલ ઔર કપટ કે હાથો અપના બેચ રહા ઈમાન...કિતના બદલ ગયા ઈન્સાન,કિતના બદલ ગયા ઈન્સાન... રામ કે ભક્ત રહિમ કે બંદે, રચતે આજ ફરેબ કે ફંદે,

કિતના યે મક્કાર યે અંધે, દેખ લિયે ઈનકે ભી ધંધે ...ઈન્હી કી કાલી કરતુતો સે હુઆ યે મુલ્ક મશાન...કિતના બદલ ગયા ઈન્સાન,કિતના બદલ ગયા ઈન્સાન... જો હમ આપસ માં ન ઝગડતે,બને હુએ કયું ખેલ બિગડતે,કાહે લાખો ઘર યે ઉઝડતે,ક્યું યે બચ્ચેમાં સે બિછડતે,ફુટ ફુટ કર ક્યું રોતે પ્યારે બાપુ કે બાપા,કિતના બદલ ગયા ઈન્સાન,કિતના બદલ ગયા ઈન્સાન.. સત્કર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો એ સત્કર્મ પણ પાપ બને છે. દક્ષ પ્રજાપતિએ શિવજી પ્રત્યે કુભાવ રાખ્યો તેથી દક્ષ પ્રજાપતિ નો ધર્મ પણ અધર્મ થયો. તેનો યજ્ઞ તેને મારનારો થયો. સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કર્મ સફળ થાય છે. સર્વનું કલ્યાણ થાય એ જ સત્ય અને સત્કાર્ય, માટે ભૂતમાત્રના હિતમાં રતુ રહેવું. અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન. એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ. એક બ્રાહ્મણ રસ્તામાં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે. આ મહાલક્ષ્મી છે. તેથી તે સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે, ત્યારે કામી પુરુષ કામભાવથી તે સ્ત્રીને જોશે. તેથી તે સ્ત્રીહૃદયમાં રહેલો ઈશ્વર તે પુરુષને શ્રાપ આપશે. તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારા માં ઈશ્વરની ભાવના રાખશે. સર્વમાં સમભાવ રાખવો એ ઉત્તમો ત્તમ ધર્મ છે.સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો. સદભાવ એટલે ઈશ્વરનો ભાવ. કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી.મહાભારતમાં જોઈએ છીએ કે, શ્રીકૃષ્ણ કેટલીકવાર અધર્મ કરે છે, પણ તેના મનમાં બધા પ્રત્યે સદભાવ છે. સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે. સર્વમાં સદભાવ રાખ. અધર્મ કરવામાં આવે તો તે અધર્મ પણ ધર્મ બને છે. મહાભારતનો કર્ણપર્વ અને દ્રોણપર્વ આનાં દૃષ્ટાંતો છે.કર્ણપર્વમાં આપેલું છે કે, કર્ણ નિઃશસ્ત્ર હતો અને રથનું પૈડું જમીનમાંથી કાઢતો હતો. તે વખતે ભગવાને અર્જુનને કહ્યું કે, તું આ કર્ણને માર.તે વખતે અર્જુન કહે છે યુદ્ધ શાસ્ત્રનો નિયમ છે કે, શત્રુ જ્યારે નિઃશસ્ત્ર હોય ત્યારે તેના ઉપર પ્રહાર ન કરવો, માટે અર્જુને મારા ઉપર પ્રહાર ન કરવો જોઈએ પણ ભગવાન કર્ણને કહે છે, કર્ણ, તેં આજ સુધી ધર્મનું પાલન કેટલું કરેલું છે? તેં ધર્મત્તું પાલન કરેલું નથી અને બીજાને ધર્મનું પાલન કરવા ઉપદેશ આપે છે.ભરી સભા માં દ્રોપદીનું અપમાન કરવામાં આવેલું, ત્યારે તારું ધર્મનું જ્ઞાન ક્યાં ગયું હતું?તે જ પ્રમાણે દ્રોણ પર્વમાં કથા આવે છે. દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળે છે. શ્રીકૃષ્ણે વિચાર્યું કે, આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી મરાયો. શ્રીકૃષ્ણે વિચાર્યું, જો દ્રોણાચાર્યને કહેવામાં આવે કે તમારો પુત્ર મરાયો છે તો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે.દ્રોણાચાર્ય સમજે છે, છોકરો મરી ગયો. છતાં ખાતરી કરવા તે ધર્મરાજાને પૂછે છે. યુધિષ્ઠિરને ભગવાન કહે છે કે, બોલો, અશ્વત્થામા હણાયો. યુધિષ્ઠિર કહે છે કે, મારાથી અસત્ય કેમ કહેવાય.ત્યારે ભગવાન કહે છે, સર્વનું કલ્યાણ થાય તે સત્ય. દ્રોણાચાર્ય બ્રાહ્મણ થઈ અધર્મી દુર્યોધનને મદદ કરી રહ્યા છે. તેઓ યુદ્ધ છોડી દે તો અધર્મ છૂટી જાય. માટે કહું છું, બોલો, અશ્વથામા હણાયો! ભગવાનના આગ્રહથી બોલવું પડયુંકે,અશ્વત્થામાહણાયો પણ આ ખોટું બોલવાનું પાપ ન લાગે એટલે ધીમેથી બોલ્યાં કાં નર,કાં હાથી!પણ છેલ્લા શબ્દો કોઈને ન સંભળાય એટલે પ્રભુએ જોરથી શંખનાદ કર્યો અને ખરેખર આ છેલ્લા શબ્દો કોઈને સંભળાયા નહીં.

દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યજ્ઞધર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથી એ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો અને શ્રીકૃષ્ણનો અસત્ય ભાષણરૂપ સર્વનું કલ્યાણ કરવાની ભાવનાથી કરેલો હોવાથી ધર્મરૂપ ગણાયો.

સત્કર્મ કરતાં શુદ્ધ ભાવ રાખો. ભગવદ્ ભાવ રાખો. હૃદય શુદ્ધ રાખો એ મોટામાં મોટું તપ છે. તેથી સૌના અહંકારથી બ્રહ્મ કર્મનો આરંભ કરું છું. એ મંત્ર બોલીને દરેક સત્કાર્યની શરૂઆત કરવાની હોય છે. મૈત્રેયજી પછી કર્દમની કન્યાઓના વંશનું વર્ણન કરે છે. મરીચિ અને કલાને ત્યાં કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયેલા. અત્રિની પત્ની અનસૂયાથી દત્તાત્રેય,દુર્વાસા અને ચંદ્રમા નામના ત્રણ પુત્રો થયા છે. તે અનુક્રમે વિષ્ણુ, શંકર અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા. દત્તાત્રેય અત્રિના ઘરે આવે છે. પુરુષ અત્રિ જેવો તપસ્વી બને અને સ્ત્રી અનસૂયા જેવી તપસ્વિની બને, તો આજે પણ દત્તાત્રેય આવવા તૈયાર છે. અત્રિ એટલે નત્રિ. ત્રણ નથી તે અત્રિ. ત્રણ એટલે સત્ત્વ, રજ, તમ. એ ત્રિગુણનો નાશ કરી જે નિર્ગુણી બને તે અત્રિ, સત્ત્વ, રજ તમ – આ ત્રણ ગુણમાં જીવ મળી ગયો છે. આ ત્રણ ગુણોમાં જીવ મળે છે. આ ત્રણ ગુણને છોડીને બ્રહ્મસંબંધ કરવાનો છે. ત્રિગુણાતીત બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયો છે તે અત્રિ.તર્જની આંગળી જીવભાવ-અભિમાન બતાવે છે. જીવમાં અભિમાન પ્રધાન છે. ટચલી આંગળી સત્ત્વગુણ છે.

# જરૂરતથી વધુ તરબૂચનું સેવન પડી જશે સ્વાસ્થ્ય પર ભારે પડી શકે



તરબૂચનું વધુ પડતું સેવન માટે શરીરને ફાયદાની જગ્યાએ નુકસાન પહોંચાડી શકે છે. તો ચાલો જાણીએ એવા કેટલાક તરબૂચના સાઈડ ઈફેક્ટ અંગે. ઉનાળામાં મળવાવાળા ફળ માટે સ્વાદમાં રસીલા અને મીઠા જ નહિ પરંતુ બોડીને પણ ખુબ કુલ અને હાઈડ્રેડ બનાવી રાખે છે. આ ફાળોનું નિયમિત રીતે સેવન કરવાથી ઘણા પ્રકારના રોગોથી દૂર રહી શકાય છે. એવું જ એક ફળ છે તરબૂચ. તરબૂચમાં ૯૨% પાણીની માત્રા હોય છે સાથે જ વિટામિન છ, વિટામિન મ્૬, વિટામિન-સી અને લાઈકોપીન અને સીટુલીન જેવા પ્લાન્ટ કેમિકલ હાજર હોય છે. જે સ્વાસ્થ્ય માટે ખુબ ફાયદાકરાક હોય છે. છતાં ડોક્ટર્સ અનુસાર, તરબૂચનું વધુ દેવાં સ્વાસ્થ્યને ફાયદાની જગ્યાએ નુકસાન પહોંચાડી શકે છે. તો ચાલો જાણીએ એના સાઈડ ઈફેક્ટ અંગે. તરબૂચમાં પાણી વધુ હોવાના કારણે આ પાચન તંત્રમાં ગેસ, બ્લોટિંગ અને દસ્ત જેવી સમસ્યા ઉભી થઈ શકે છે. એ લોકોને ખાસ જેમનું પાચન તંત્ર સેન્સિટિવ છે, એમણે તરબૂચનું વધુ પડતું સેવન કરવાથી બચવું જોઈએ. તરબૂચમાં ૯0% પાણી અને ફાયબર વધુ હોવાથી વ્યક્તિને દસ્ત, સોજો, પેટ ફૂલવા જેવી સમસ્યા થઈ શકે છે. એ ઉપરાંત તરબૂજમાં સોર્બિટોલ નામનું સુગર કમ્પાઉન્ડ હાજર હોય છે. જે મળના ઢીલા થવાનું અને ગેસનું કારણ બને છે. તરબૂજમાં નેચરલ સુગરની માત્રા વધુ હોય છે. ડાયાબિટીઝના દર્દીઓએ તરબૂચનું વધુ સેવન કરવાથી બચવું જોઈએ. જરૂરતથી વધુ તરબૂચ ખાવાથી એમનું ગ્લુકોઝ લેવલ વધી જાય છે, જેનાથી બ્લડ સુગર લેવલ પણ વધે છે. સુગરના દર્દીઓએ તરબૂચના સેવન કરવા પહેલા ડોક્ટરની સલાહ જરૂર લેવી જોઈએ. વધુ પડતું તરબૂચ ખાવાથી વ્યક્તિ ઓવરહાઈડ્રેશનનો ભોગ બની શકે છે. ઓવર હાઈડ્રેશન એટલે કે વોટર ઈન્ટોક્સિકેશન એ એક મેડિકલ કન્ડિશન છે જેમાં દર્દીના શરીરમાં પાણીની માત્રા જરૂરિયાત કરતાં વધી જાય છે, જેના કારણે સોડિયમનું પ્રમાણ ઘટવા લાગે છે. પરિણામે, ઈલેક્ટ્રોલાઈટ સંતુલન વિક્ષેપિત થઈ શકે છે. જો પાણીની આ વધારાની માત્રામાં બહાર ન આવે તો શરીરમાં લોહીનું પ્રમાણ વધે છે.

# વહેલી સવારે કે સાંજે હવામાં ભેજનું પ્રમાણ ઓછું હોવાથી તે સમયે કસરત કરવી વધુ હિતાવહ છે



વધારે પડતી ઠંડીની જેમ જ વધારે પડતી ગરમીમાં પણ આપણે કાયમ કસરત કરવાનું ટાળીએ છીએ. જો તમે વરિષ્ઠ નાગરિક કે કિશોરવયના હો તો આ બાબતમાં તમને સંપૂર્ણ નહીં તો ચોક્કસ હદ સુધી છૂટ મળી શકે છે, પરંતુ જો તમે યુવાન હો તો તમારે આવી છૂટછાટ લેવાથી જાતે જ બચવું જોઈએ કેમ કે ભારે ગરમીમાં યુવાનો કસરત કરવાનું ટાળશે તો તેઓ તમામ યુવાનોનું જે સપનું હોય છે તેવું કસાયેલું શરીર નહીં બનાવી શકે. હા, વધુ ગરમી હોય ત્યારે ગાંડાની જેમ આડેધડ કસરત પણ ન કરવી જોઈએ. જો તમે ફિટનેસ સેન્ટર કે જિમમાં ન જતા હો તો પણ સવાર-સાંજ પરસેવાથી લથપથ કરતા આ દિવસોમાં પણ કસરત કરવી જરૂરી છે. કસરત કરવાની સાથે સાથે અન્ય બાબતોનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. ભારે ગરમીના દિવસોમાં કસરત કરતી વખતે યુવાનોએ કઈ કઈ બાબતો પર ધ્યાન રાખવું જોઈએ તે જાણીએ. સમય અને રીત મે-જૂનની ભારે ગરમીના દિવસોમાં કસરત કરવા માટે વહેલી સવાર અથવા સાંજનો સમય પસંદ કરવો જોઈએ કેમ કે મોટાભાગે આ સમયે દિવસ કરતા તાપમાન પાંચથી સાત કે આઠ ડિગ્રી જેટલું ઓછું થઈ જતું હોય છે. માત્ર તાપમાનનો જ સવાલ નથી, વહેલી સવારે કે સાંજે હવામાં ભેજનું પ્રમાણ ઓછું હોવાથી તે સમયે કસરત કરવી વધુ હિતાવહ છે. ગરમીના દિવસોમાં કસરત કરતી વખતે વચ્ચે વચ્ચે બ્રેક લેવો જરૂરી છે કેમ કે એને કારણે શરીરને રાહત અને ગરમીથી પણ છુટકારો મળે છે. સાથે સાથે એ ધ્યાન રાખવું પણ જરૂરી છે ભલે તમે કસરત જિમમાં કે ઘરમાં કરો. ભોજન કર્યાના ઓછામાં ઓછા ત્રણ કલાક બાદ જ કસરત કરો. બિલકુલ ખાલી પેટ કે ભરપેટ ભોજન કર્યા બાદ કસરત કરવી યોગ્ય નથી-ખાસ કરીને ગરમીની સિઝનમાં. હળવી કસરત પર ભાર આપો. ગરમીની સિઝનમાં વાતાવરણ તેમ જ શરીર બંનેનું તાપમાન વધેલું હોય છે એટલે લૂ (હિટ-સ્ટ્રોક) લાગવાનો કે શરીરમાં પાણી ઓછું થઈ જવા (ડીહાઈડ્રેશન)નું જોખમ પણ વધુ રહે છે એટલે આ મોસમમાં હળવી કસરત કરવી અને ઘરમાં એવી જગ્યાએ કસરત કરો જ્યાં સ્વચ્છ હવાની અવરજવર થતી હોય. કસરત કરવા માટે આનાથી વધુ સારી જગ્યા હોઈ ન શકે. ગરમીની સિઝનમાં જો જિમમાં જતા હોય તો ટ્રેડમિલનો સતત ઉપયોગ કરવાથી દૂર રહેવું. જિમમાં સાઈક્લિંગ, ઍબ્સ કે સાઈડ ડંબલ કરવું વધુ લાભકારક રહેશે. ગરમીની મોસમમાં ખભા, છાતી, પેટ અને જાંઘ અંગે સજાગ રહેવું જોઈએ કેમ કે આ સિઝનમાં જરા પણ વધુ વજન કસરત માટે જોખમી પુરવાર થઈ શકે છે. જો તમે કસરત કર્યા વિના રહી ન શકતા હો તો ગરમીના દિવસોમાં દરરોજ કસરત કરો, પરંતુ કસરત માટે શિયાળામાં લો તેના કરતા પચીસ ટકા ઓછો સમય લો. મતલબ શિયાળામાં કસરત માટે તમે દરરોજ એક કલાક સમય લેતા હો તો ઉનાળામાં ૪૫ મિનિટ લો. રિલેક્સ થવું છે જરૂરી, ગરમીની સિઝનમાં કસરત કરતા કરતા વચ્ચે વચ્ચે રિલેક્સ થવું ખૂબ જ જરૂરી છે. એક વાત ખાસ ધ્યાન રાખવી જે રીતે કસરત કરતા પહેલા બૉડી વૉર્મઅપ કરવું જરૂરી હોય છે.

# હીટ સ્ટ્રોકથી કરશે રક્ષણ અને અન્ય બીમારીઓને શરીરથી દૂર રાખશે



## વરીયાળ ઠંડી તાસિર ધરાવે છે. તેથી વરિયાળીના રસમાં જો બે ટીપા ફુદીનાનો રસ અને બે ચમચી ગ્લુકોઝ પાઉડર મિક્સ કરીને સેવન કરવાથી ગરમીથી રાહત આપે છે

નારિયેળ પાણીમાં વિટામીન અને મિનરલ ભરપૂર પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. આયુર્વેદમાં પણ જણાવાયું છે કે, નારીયેળ પાણીથી ૧૦૦ પ્રકારની બિમારીઓ દૂર થાય છે. ઉપરાંત શરીરને તંદુરસ્ત રાખવામાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગરમીનો પારો જ્યારે ૪૪ ડિગ્રીએ પહોંચી ગયો છે, ત્યારે ગરમીથી બચવા માટે ખાસ કરીને નારિયેળનું પાણી, વરિયાળીનું પાણી તથા ફુદીનાનું પાણી સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયક છે. આવી ગરમીથી બચવા ઘરેલુ ઉપાય વિશેની માહિતી વડોદરા શહેરના મહર્ષિ આયુર્વેદના મૌલિક રૈયાણી એ આપતા જણાવ્યું કે, આ પ્રકારના પાણીમાં વિટામીન અને મિનરલ ભરપૂર પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. આયુર્વેદમાં પણ જણાવાયું છે કે, ૧૦૦ પ્રકારની બિમારીઓ સામે નારિયેળ પાણીથી લાભ થાય છે. ઉપરાંત શરીરને તંદુરસ્ત રાખવામાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. નારિયેળ પાણી : નારિયળ પાણી સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી છે તદુપ રાંત કાળજાળ ગરમીમાં લાગતી લુ સામે પણ રક્ષણ આપી શકે છે. તદુપરાંત પીસેલા કાચા નારીયેળના ગરને કાળા જીરૂ સાથે મિક્સ કરીને લેવાથી લૂથી તાત્કાલિક રાહત મળે છે. તદ્ઉપરાંત એવી જ રીતે ડુંગળીના રસના ઉપયોગથી પણ લૂની સમસ્યા દૂર કરી શકાય છે. નારીયેળમાં કેલ્શિયમ, વિટામીન, ફાઈબર, પોટેશિયમ જેવા ઘણા ખનીજ તત્વ ભરપૂર માત્રામાં રહેલા છે જેથી બીમારીઓની સારવારમાં પણ મદદરૂપ નીવડે છે. અને નારિયેળના પાણીમાં મિનરલ, વિટામીન, એન્જાઈમસ, ઈલેક્ટ્રોલાઈટ્સ, એમીનો એસિડ અને સાઈટોકાઈન ભરપૂર માત્રામાં રહેલું છે. વરિયાળીનો રસ : આવી કાળઝાળ ગરમીના તાપમાનમાં જો કોઈને લુ લાગી હોય તો તરત જ વરિયાળીના રસનો ઉપયોગ કરી શકાય. કારણ કે વરીયાળ ઠંડી તાસિર ધરાવે છે.


# જુદા જુદા સ્થળોએ કુશા, કુસ, બિખ દાબ, યજ્ઞ ભૂષણ વગેરે જેવા વિવિધ નામોથી ઓળખાય



કુશ એક પ્રકારનું ઘાસ છે. તે જુદા જુદા સ્થળોએ કુશા, કુસ, બિખ દાબ, યજ્ઞ ભૂષણ વગેરે જેવા વિવિધ નામોથી ઓળખાય છે. ધાર્મિક દૃષ્ટિકોણથી, આ ઘાસ પવિત્ર માનવામાં આવે છે અને હિન્દુ ધર્મમાં પૂજામાં પણ વપરાય છે. પૂજા ઉપરાંત આયુર્વેદિક ઔષધિ તરીકે પણ કુશનું પોતાનું મહત્વ છે. કુશનું ઘાસ ખેતરના શેઢા પર જોવા મળે છે. ખેડૂતો તેને નકામું સમજીને ફેંકી દે છે, પરંતુ આ ઘાસ સ્વાસ્થ્ય માટે ઘણું ઉપયોગી છે. વરિષ્ઠ આયુર્વેદિક ડોક્ટર વિનય ખુલ્લરે જણાવ્યું કે, કુશના સેવનથી શુગર કંટ્રોલ રહે છે. આ સિવાય કુશ અલ્સર મટાડવામાં અને વાઈના ઈલાજમાં પણ ફાયદાકારક છે. કુશના ઘાસમાં અગણિત ગુણો છે, તેથી આયુર્વેદમાં તેનો ઉપયોગ અનેક રોગોની દવા તરીકે કરવામાં આવ્યો છે. કુશના પાંદડા લાંબા અને બાજુઓ પર સહેજ કાંટાદાર હોય છે. આ પાંદડાઓની પાતળી લાકડીઓને રીડ્સ કહેવામાં આવે છે, જેમાંથી પહેલાના જમાનામાં લોકો પેન બનાવતા હતા. તેના મૂળ પણ ખૂબ જ ઉપયોગી છે. કુશના ઘાસમાંથી તેલ પણ કાઢવામાં આવે છે. કુશને પંચાંગ પણ કહેવામાં આવે છે, કારણ કે તેના મૂળ, પાંદડા અને દાંડી સહિતના પાંચેય ભાગ ઉપયોગી છે. આજકાલ, પ્રદૂષિત ખોરાક અને પીણાં ખાવા, ગંદુ પાણી પીવું જેવા વિવિધ કારણોસર કિડનીમાં પથરી બનવાના કેસ વધ્યા છે. કુશનું સેવન કરવાથી કિડનીની પથરી દૂર થાય છે. જે લોકોને વારંવાર શરદી થાય છે, તેમણે કુશના પાન ઉકાળીને પાણી પીવું જોઈએ. તેનાથી શરદી જલ્દી મટી જાય છે. સાથોસાથ અનેક સમસ્યાથી છૂટકારો મળે છે. કુશ ઘાસ શુગરને કંટ્રોલ કરવામાં પણ ફાયદાકારક છે. કુશમાં એન્ટિ-ડાયાબિટીક ગુણ જોવા મળે છે, જે શુગરને કંટ્રોલમાં રાખે છે.

BOLLYWOOD NEWS FLASH

# સોનમ ખાનને ફિલ્મોથી વધુ ઈચ્છા ઓટીટીમાં



## 'વિશ્વાત્મા'ની એક્ટ્રેસ સોનમ ખાન કમબેક માટે તૈયાર

સોનમ ખાન ૯૦ના દાયકાની એક સફળ અભિનેત્રી હતી, જેણે 'ત્રિદેવ', 'અજુબા' અને 'વિશ્વાત્મા' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. પરંતુ તેમણે ૧૫ વર્ષ પહેલાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અલવિદા કહી દીધું હતું અને તે ભારત છોડીને સ્વિટ્ઝર્લેન્ડમાં પરિવાર સાથે ચાલી ગઈ હતી. હવે કમબેક કરવાની ઈચ્છા ધરાવતી સોનમ ખાન ઓટીટી પ્રોજેક્ટ પર કામ કરવા ઈચ્છે છે. તેણે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, "મને ફિલ્મો કરવામાં કોઈ રસ નથી. મારે ખરેખર હવે ઓટીટી પર કામ કરવું છે, કારણ કે એમાં કોઈ હિરો કે હિરોઈન નથી. તેમાં માત્ર સારા પાત્રો છે, જેમના વિના સ્ટોરી આગળ વધી શકતી નથી. તેમજ મને ઓટીટી પ્લેટફોર્મ્સ વધુ સમાવેશી લાગે છે, તેમાં દરેક એજના પાત્ર માટે સ્થાન છે, જેવું દર વખતે બોલિવૂડની ફિલ્મોમાં શક્ય નથી." સોનમ કહે છે તે ફરી કેમેરા સામે કામ કરવા આતુર છે. "ઓટીટી તમને તમે જેવા છો તેવા જ બનવાની તક આપે છે. અત્યાર સુધીમાં મેં જે કંઈ કન્ટેન્ટ જોયું છે, તેમાં મેં સ્ત્રી પાત્રોને જેવા છે તેવા જ દર્શાવાતાં જોયાં છે. હીરામંડીમાં મનીષા કોઈરાલા કેટલી સુંદર અને મોભાદાર છે, અને તે સ્ક્રિન પર પોતાનું આધિપત્ય જમાવી દેતી હોય તેવું લાગે છે. મને આવા પાત્રો ઘણા સ્પર્શી જાય છે. તેમાં બીજા ઘણા કલાકારો છે, પણ તે છવાઈ જાય છે. માત્ર એક ઓટીટી પ્રોજેક્ટ જ તમને આટલાં ઊંડાણપૂર્વકનું કામ કરવાની જગ્યા આપી શકે છે. બધાં જ શોમાં ઘણા પાત્રો હોય છે અને દરેકને પોતાની સ્પેસ મળી જાય છે, જે તેઓ સુંદર રીતે નિભાવી જાણે છે." સોનમ કહે છે કે વેબની દુનિયા જોઈને જ તેને પાછા ફરવાનું મન થયું છે, "મને લાગે છે કે જાણે હું એક નવા કલાકાર તરીકે પહેલેથી નવી શરૂઆત કરી રહી છું.

# બોબી-સાન્યાએ થ્રિલર ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યુ

## 'ઈરાટ્ટા', 'નાયાટ્ટુ' અને 'ચુરુલિ' સહિત ઘણી ફિલ્મોમાં જુજુએ એક્ટર તરીકે સફળતા મેળવી છે



ચર્ચાસ્પદ ફિલ્મો અને નિવેદનો માટે જાણીતા અનુરાગ કશ્યપે આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ થ્રિલર ફિલ્મમાં બોબી દેઓલ અને સાન્યા મલહોત્રા લીડ રોલમાં છે, જ્યારે મલયાલમ એક્ટર જોજુ જ્યોર્જ માટે આ પહેલી બોલિવૂડ ફિલ્મ છે. અનુરાગ કશ્યપે સોશિયલ મીડિયા પોસ્ટમાં આગામી ફિલ્મની એનાઉન્સમેન્ટ કરી હતી. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી, પરંતુ તેમાં બોબી અને સાન્યા ઉપરાંત સપના પબ્બી, રિદ્ધિ સેન, અંકુશ ગેડામ, નાગેશ ભોંસલે સહિતના કલાકારો છે. મલયાલમ સિનેમામાં 'ઈરાટ્ટા', 'નાયાટ્ટુ' અને 'ચુરુલિ' સહિત ઘણી ફિલ્મોમાં જુજુએ એક્ટર તરીકે સફળતા મેળવી છે. અનુરાગ કશ્યપે ફિલ્મની કાસ્ટ અંગે પણ સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી. અનુરાગે હજુ આ ફિલ્મનું ટાઈટલ જાહેર કર્યું નથી, પરંતુ મુંબઈમાં તેનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મ વાસ્તવિક ઘટનાઓથી પ્રેરિત હોવાનું મનાય છે. અનુરાગની ફિલ્મના વિષય અંગે વધારે વિગતો બહાર આવી નથી, પરંતુ તેઓ કોઈ ચર્ચાસ્પદ વિષયની પસંદગી કરે તેવી શક્યતા છે. બોબી દેઓલ પાછલા કેટલાક સમયથી ફરી ચર્ચામાં આવ્યા છે અને બીજી ઈનિંગમાં તેમના સ્ટારડમમાં પણ વધારો થયો છે. અગાઉ એક્શન અને રોમેન્ટિક રોલ કરનારા બોબીએ નવી શરૂઆતમાં વિલનના રોલમાં લોકપ્રિયતા મેળવી છે. બોબીએ નવી ઈનિંગમાં વેબ સિરીઝ 'આશ્રમ', 'એનિમલ', 'લવ હોસ્ટેલ'માં પોતાની ટેલેન્ટ પુરવાર કરી દીધી છે. 'લવ હોસ્ટેલ'માં બોબી અને સાન્યા અગાઉ સાથે કામ કરી ચૂક્યા છે.

## કલ્કિમાં પ્રભાસની 'બુજ્જી' 'એનિમલ'ને ઝાંખી પાડશે

# 'કલ્કિ ૨૮૯૮ એડી'ની રોબોટિક કાર વાતો પણ કરશો, આનંદ મહિન્દ્રાએ સ્પેશિયલ કાર ડિઝાઈન કરી

**પ્રભાસની બિગ બજેટ અને મલ્ટિસ્ટાર 'કલ્કિ ૨૮૯૮ એડી'નું પ્રમોશન પૂરજોશમાં શરૂ થઈ ગયું**



દેશના મોટાભાગના વિસ્તારોમાં ચૂંટણી સંપન્ન થઈ ગઈ છે ત્યારે પ્રભાસની બિગ બજેટ અને મલ્ટિસ્ટાર 'કલ્કિ ૨૮૯૮ એડી'નું પ્રમોશન પૂરજોશમાં શરૂ થઈ ગયું છે. આ ફિલ્મમાં પ્રભાસને સાથ આપવા માટે બોલિવૂડ-ટોલિવૂડના દિગ્ગજ કલાકારો ઉપરાંત ટેકનોલોજીની મદદ પણ લેવામાં આવી છે. પ્રભાસની બેસ્ટ ફ્રેન્ડ તરીકે આ ફિલ્મમાં રોબોટિક કાર બુજ્જીને દર્શાવવામાં આવી છે. આ હાઈટેક કાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સંચાલિત છે. આ કાર સાથે પ્રભાસ બહુ બધી વાતો કરે છે અને આ વાતચીતમાં 'બુજ્જી'નો અવાજ કિર્તિ સુરેશ બની છે. ડિઝાઈન અને ટેકનોલોજીની દૃષ્ટિએ દરેકને પ્રભાવિત કરતી પ્રભાસની નવી જોડીદારને ઓડિયન્સ સમક્ષ રજૂ કરવામાં આવે છે. રણબીર કપૂરે એનિમલમાં એડવાન્સ મશીનગનનો ઉપયોગ કર્યો હતો. બૂલેટ પ્રૂફ કાચવાળા સ્કૂટર પર તેને લઈને ગમે ત્યાં ફરી શકાતું હતું. રણબીરની આ મશીનગન કરતાં પણ એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ 'કલ્કિ ૨૮૯૮ એડી'માં કરવામાં આવ્ય છે. હૈદરાબાદ ખાતે ગ્રાન્ડ ઈવેન્ટમાં 'કલ્કિ ૨૮૯૮ એડી'ના સ્પેશિયલ કેરેક્ટરની ઝલક આપવામાં આવી હતી. આ કારને પ્રભાસની બેસ્ટ ફ્રેન્ડ ગણાવવામાં આવી છે. રોબોટિક કાર બુજ્જી સાથે પ્રભાસ મનની વાતો કરે છે અને બુજ્જી તેને દરેક તકલીફમાં સાથ આપે છે. ફિલ્મમાં પ્રભાસની આ સ્પેશિયલ સાથીદારને સમાવવાનો કન્સેપ્ટ મૂળે ડાયરેક્ટર નાગ અશ્વિનનો છે. ડાયરેક્ટર નાગ અશ્વિને કારની ડિઝાઈન બનાવવા માટે જાણીતા ઉદ્યોગપતિ અને ઓટોમોબાઈલ કંપનીના સીએમડી આનંદ મહિન્દ્રાની મદદ લીધી હતી. આનંદ મહિન્દ્રાની કંપનીએ આ કાર ડિઝાઈન કરી છે. આનંદ મહિન્દ્રાએ એક્સ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, ચેન્નાઈમાં મહિન્દ્રા રિસર્ચ વેલીમાં બુજ્જીને ડિઝાઈન કરવામાં આવી છે. આવા મોટા વિચાર માટે અશ્વિન અને 'કલ્કિ ૨૮૯૮ એડી'ના મેકર્સની તેમણે પ્રશંસા કરી હતી.

# કાર્તિક આર્યનની ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'નું પહેલું ગીત રિલીઝ





## 'સત્યાનાસ' ગીતે દર્શકોની ઉત્સુકતા વધારી દીધી છે, આ એનર્જેટિક ડાન્સ નંબરમાં કાર્તિક આર્યન મજેદાર અંદાજમાં ડાન્સ કરતો જોઈ શકાય છે

'સત્યાનાસ' ગીતે દર્શકોની ઉત્સુકતા વધારી દીધી છે. આ એનર્જેટિક ડાન્સ નંબરમાં કાર્તિક આર્યન મજેદાર અંદાજમાં ડાન્સ કરતો જોઈ શકાય છે. ગીતના વીડિયોમાં કાર્તિક આર્યન અને તેના યુવા કેડેટ મિત્રો તેમના જીવનમાં એક નવા પાઠની શરૂઆતની ઉજવણી કરતા જોવા મળે છે.સંગીત ઉસ્તાદ પ્રિતમ દ્વારા રચિત, આ ગીતમાં અમિતાભ ભટ્ટાચાર્યના પ્રભાવશાળી ગીતો સાથે અરિજિત સિંહ, નકાશ અઝીઝ અને દેવ નેગીના આત્માપૂર્ણ અવાજો છે. પ્રખ્યાત કોરિયોગ્રાફર જોડી બોસ્કો-સીઝરે કાર્તિક અને સાથી કલાકારોના ફની અને એનજીથી ભરપૂર ડાન્સની કોરિયોગ્રાફી કરી છે. ગીતમાં તમામ કલાકારોને પરફોર્મ કરતા જોવાનો તમને આનંદ થશે.ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'ના નિર્દેશક કબીર ખાન અને નિર્માતા સાજિદ નડિયાદવાલાએ પ્રીતમ અને અમિતાભ ભટ્ટાચાર્યને એક મજેદાર અને ઉત્સાહી ગીત બનાવવા માટે કહ્યું હતું. આ ગીત જીવનના નવા તબક્કામાં પ્રવેશતા યુવાન છોકરાઓની લાગણીઓ અને ઉર્જાનું નિરૂપણ કરવાનું હતું. આ વાતને ધ્યાનમાં રાખીને પ્રીતમે 'સત્યાનાસ' ગીત કમ્પોઝ કર્યું છે. આ ગીત માત્ર આ સાર જ નહીં પણ ચાર્ટ-ટોપર બનવાનું વચન આપે છે. કાર્તિક આર્યનના ફંકી ડાન્સ મૂવ્સ જોઈને તમારું દિલ ખુશ થઈ જશે. ટ્રેનમાં શૂટ કરાયેલ ગીતનું તેમનું સેલિબ્રીટરી પર્ફોર્મન્સ, ભારતીય સેનામાં ભરતી થયેલા યુવાનોના જૂથમાં ખુશીની લહેર છવાઈ જાય છે. ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' ૧૪ જૂન ૨૦૨૪ના રોજ રિલીઝ માટે તૈયાર છે. આમાં, ચાહકો કાર્તિક આર્યનને પહેલા ક્યારેય ન જોયેલા અવતારમાં જોવા માટે ઉત્સુક છે.



# રાજકોટ ગેમ ઝોનના દિવંગત આત્માઓને ન્યુ પાર્થ તાલીમ વર્ગ સંજેલી દ્વારા અશ્રુભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી)। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત ન્યુ પાર્થ તાલીમ વર્ગ સંજેલીના એકલવ્ય - નવોદય પ્રવેશ પરીક્ષાની તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓએ રાજકોટ ખાતે ન જાણ્યું જાનકી નાથે કાલે સવારે શું થશે એવી ખૂબ જ દર્દનાક, કરુણામય ગેમ ઝોન માં લાગેલી આગ લાગવાની ઘટનામાં અનેક માસૂમ બાળકો જીવ ગુમાવ્યા છે ત્યારે આ દિવંગત આત્માઓને પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ આપે અને પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી ન્યુ પાર્થ તાલીમ વર્ગના સંચાલક દિલીપ કુમાર એચ.મકવાણાએ તેમજ ન્યુ પાર્થ એજ્યુકેશન ગ્રુપ ના સભ્યો દ્વારા અર્શુભરી શ્રધ્ધાજલી આપવામાં હતી. તેમજ ન્યુ પાર્થ એજ્યુકેશન ગ્રુપ ના સભ્યો દ્વારા અર્શુભરી શ્રધ્ધાજલી આપવામાં હતી.

### ફરી નકલી પોલીસ બની તોડ કરતી ગેંગનો આતંક

# અમદાવાદમાં નકલી પોલીસ બની તોડ કરતી ગેંગ સામે આવી



। (પ્રતિનિધી) અમદાવાદ,તા.૨૬,

ફરી એક વાર અમદાવાદમાં નકલી પોલીસ બની તોડ કરતી ગેંગ સામે આવી છે. સરદાર નગર પોલીસે આ ઘટનામાં એક આરોપીની ધરપકડ કરી છે અને બાકીના ફરાર ચાર આરોપીઓને શોધવા કવાયત હાઝ ધરી છે. કઈ રીતે આરોપીઓ સામાન્ય નાગરીકોને ટાર્ગેટ કરતા હતા? સરદારનગર પોલીસે ધરપકડ કરેલ આ આરોપીનું નામ જયદિપ કોટીલા છે. ૨૮ વર્ષીય જયદિપ કોટીલા ભાવનગરના પાલીતાણાનો વનતી છે. જે હાલ નરોડા ખાતે આવેલી ઈન્દ્રલોક સોસાયટીમાં ભાડે રહે છે. આરોપીઓ પોતાની ટોળકી બનાવી નકલી પોલીસ બની લોકો પાસેથી રૂપિયા પડાવતો હોવાનું પોલીસ તપામાં ખુલ્યુ છે. જે કેસ અંતર્ગત પોલીસે જયદિપની ધરપકડ કરી છે. કેસની વાત કરવામાં આવે તો ૨૩ મેના રોજ વડોદરાના રહિશ પ્રદિપ સિંહ રાઓલ પોતાના પરિવારને અમદાવાદ ખાતે છોડવા માટે આવ્યા હતા. પરિવારને છોડી જ્યારે તોઓ વડોદરા તરફ પરત ફરતા હતા ત્યારે રસ્તમાં બે મહિલાઓએ તેમની ગાડી રોકી તેમની પાસે લીફ્ટ માંગી હતી. બે પૈકી એક મહિલાએ પોતાને ફેક્ચર થયુ હોવાનુ ખોટુ બહાનુ કરી લીફ્ટ માંગી હતી. પ્રદિપ સિહે લિફ્ટ આપતાં એક મહિલા ડ્રાઈવરની બાજુની સીટમાં ગોઠવાઈ ગઈ હતી અને તેમનુ ઘર નજીકજ હોવાથી ઘરે મુકી જવા માંગ કરી હતી. જેવા પ્રદિપસિંહ બે મહિલાઓને મુકવા માટે તેમના ઘર પહેચ્યા કે તરતજ ચાર અજાણ્યા વ્યક્તિઓ આવી ચઢ્યા. જેમણે પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી પ્રદિપસિંહ પર કુટણખાણુ ચલાવતા હોવાનુ કહી રુપિયાની માંગણી કરી હતી. જોકે પ્રદિપસિંહે પોતાની પાસે રૂપિયા ન હોવાનુ જણાવી એટીએમમાં રૂપિયા ઉપાડવા જવા કહ્યું ફરિયાદીની વાત માની આરોપી જયદિપ તેમની સાથે એટીએમમાં રૂપિયા ઉપડવા ગયો હતો. દરમ્યાન પ્રદિપ સિંહે પોતાના સંબંધી કૃણાલને ઘટનાની જાણ કરી હતી. કૃણાલ આવી જતાં પ્રદિપસિંહ અને કૃણાલે આરોપીને પકડીને પોલીસને હવાલે કર્યો હતો અને નકલી પોલીસ ગેંગનો પર્દાફાશ થયો. જે અજાણ્યા ચાર શકસો આરોપી સાથે આવ્યા હતા તેમના નામ પોલીસ તપાસમાં ખલ્યા છે જેમાં બળવંત અને ચિરાગ ઉપરાંત અન્ય એક આરોપીનો સમાવેશ થાય છે. બળવંત નામના આરોપી સામે કામરેજ પોલીસ સ્ટેશને ગુન્હો દાખલ થયેલ છે.

નકલી ગેંગમાં બે મહિલા આરોપીઓની ભુમિકા પણ સામે આવી છે. જે બે મહિલાઓએ લીફ્ટની માગં કરી હતી તેમનુ નામ ભુમી અને શિતલ હોવાનુ ખુલ્યુ છે. આરોપીઓ અગાઉ આ પ્રકારે કોઈ અન્ય વ્યક્તિને ભોગ બનાવ્યા છે કે કેમ તે શોધવા માટે પ્રયાસ હાથ ધરી જો કોઈ વ્યક્તિ આ ગેંગનો ભોગ બન્યો હોય તો પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે સાથેજ ફરાર આરોપીઓની ધરપકડ કરવા ચક્રોગતી માન કર્યા છે. આરોપીઓ અગાઉ આ પ્રકારે કોઈ અન્ય વ્યક્તિને ભોગ બનાવ્યા છે કે કેમ તે શોધવા માટે પ્રયાસ હાથ ધરી જો કોઈ વ્યક્તિ આ ગેંગનો ભોગ બન્યો હોય તો પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે સાથેજ ફરાર આરોપીઓની ધરપકડ કરવા ચક્રોગતી માન કર્યા છે.

# કડાણા તાલુકાના સંઘરી મુકામે સુંદરકાંડ


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૬ ।

કડાણા તાલુકાના સંઘરી મુકામે તારીખ ૨૫/ ૫ /૨૦૨૪ ને શનિવારના રોજ સાંજે ૮ થી ૧૧ દરમિયાન શ્રી નવીનભાઈ લેંબાભાઈ પટેલ ના નિવાસ્થાને સંગીતમય સુંદરકાંડ નું આયોજન કરવામાં આવેલ હતું. સુંદરકાંડ નું પારાયણ શ્રી માનવેન્દ્રભાઈ આનુંપ્રસાદ જોશી (શ્રી કષ્ટભંજન હનુમાનજી સુંદરકાંડ મંડળ, કડાણા) દ્વારા કરવામાં આવેલ હતું. શ્રી હાર્દિકભાઈ તેમજ તેઓના ધર્મપત્ની દ્વારા થાળ, આરતી તેમજ પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ હતું. ગામના યુવાનો વડીલો તેમજ ધર્મ પ્રેમી ભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# નરોડામાં સ્થાનિકોએ રેલી કાઢીને GEB સામે વિરોધ નોંધાવ્યો

। અમદાવાદ,તા.૨૬ ।

અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં સ્માર્ટ મીટર લાગતા લોકોએ વિરોધ નોંધાવ્યો છે. તો નરોડામાં સ્થાનિક લોકોએ રેલી કાઢીને GEB સામે વિરોધ નોંધાવ્યો છે. રજૂઆત કરવા જતા અધિકારીઓ સ્થળ પર ન હોવાની ફરિયાદ ઉઠી છે. GEB જવાબ આપવાથી બચતું હોવાના લોકોએ આક્ષેપ લગાવ્યા છે. અમદાવાદના નરોડા સહિતના વિસ્તારોમાં સ્માર્ટ મીટર લાગતા લોકોએ વિરોધ નોંધાવ્યો છે. નરોડામાં સ્થાનિક લોકોએ રેલી કાઢીને GEB સામે વિરોધ નોંધાવ્યો છે. સ્માર્ટ મીટર હટાવીને જૂના મીટર યથાવત રાખવા માગ કરી છે. રહીશોની જાણ વગર સ્માર્ટ મીટર લગાવ્યા હોવાનો સ્થાનિકો આરોપ લગાવી રહ્યા છે. રજૂઆત કરવા જતા અધિકારીઓ સ્થળ પર ન હોવાની ફરિયાદ ઉઠી છે. GEB જવાબ આપવાથી બચતું હોવાના લોકોએ આક્ષેપ લગાવ્યા છે. સાથે આ સ્માર્ટ મીટરના કારણે વધુ બીલ આવતું હોવાનું પણ રહીશો જણાવી રહ્યા છે. સ્થાનિકોના વિરોધને લઈને UGVCLના સત્તાધીશો દ્વારા સ્માર્ટ મીટરથી બીલ વધુ આવતુ હોવાને ગેરમાન્યતા ગણાવી સાથે હાલમાં પોસ્ટ પેઈડ બીલ આવશે તેવુ પણ જણાવવામાં આવ્યુ છે, પરંતુ આ મીટર યથાવત રહેશે.

# પાડોશી શખ્સે ૧૨ વર્ષીય સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું

। અમદાવાદ, તા.૨૬ ।

કહેવાય છે કે પાડોશી પહેલો સગો છે ત્યારે આ કહેવતને કાળી ટીલી લગાડતો કિસ્સો અમદાવાદના નારોલમાં સામે આવ્યો છે. પાડોશી શખ્સે ૧૨ વર્ષીય સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.અમદાવાદના નારોલ વિસ્તારમાં પાડોશી શખ્સ દ્વારા બાર વર્ષીય સગીરા પર દુષ્કર્મ ગુજાર્યાનો બનાવ નારોલ પોલીસના ચોપડે નોંધાયો છે. ગત તારીખ ૨૨મી મેના રોજ આરોપી આરોપીના પાડોશમાં રહેતી સગીરાને તેની જ ઘરની અગાસી ઉપર લઈ જઈને સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું.

સગીરાએ આ બાબતે તેના પરિવારમાં કોઈને આ વાતની જાણ કરી ન હતી, પરંતુ ગુમસુમ રહેતી હતી. ત્યારે પરિવારે તેને કારણ પૂછતાં સગીરાએ સમગ્ર ઘટનાના બનાવની વાત ની જાણ કરી હતી. ત્યારે પરિવારે આરોપી વિરુદ્ધ ફરિયાદ નારોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. સગીરાએ આ બાબતે તેના પરિવારમાં કોઈને આ વાતની જાણ કરી ન હતી, પરંતુ ગુમસુમ રહેતી હતી. ત્યારે પરિવારે તેને કારણ પૂછતાં સગીરાએ સમગ્ર ઘટનાના બનાવની વાત ની જાણ કરી હતી. ત્યારે પરિવારે આરોપી વિરુદ્ધ ફરિયાદ નારોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

પરિવારની ફરિયાદ બાદ નારોલ પોલીસે આરોપીને પકડવા માટે તજવીજ હાથ ધરી હતી.ત્યારે પોલીસે રીક્ષા ચાલક આરોપી ની ધરપકડ કરી હતી ત્યારે પ્રાથમિક પૂછપરછ હાથ ધરી હતી આરોપી રીક્ષા ચલાવવાનું કામ કરે છે અને બે વર્ષ પહેલા આરોપી ની પત્નીનું અવસાન થયું હતું અને એકલવાયું જીવન જીવે છે ત્યારે નારોલ પોલીસે સાયન્ટિફિક અને મેડીકલી પુરાવા એકત્ર કરીને વધુ તપાસ શરુ કરી છે.

# વેપારીઓએ છાસ વિતરણ કરી લગભગ ૫૦૦ જેટલા લોકોને આનો લાભ આપ્યા


તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઇન ચીફ, સંતરામપુર



। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૨૬ ।

જ્યાં આજકાલ ગરમીનો ભારે પ્રકોપ થઈ રહ્યો છે, તેવામાં સંતરામપુર નગરમાં દીનદયાળ કોમ્પ્લેક્ષના વેપારીશ્રીઓ મનોજભાઈ ભાટી, દીપકભાઈ દરજી, પપ્પુભાઈ સિંધી, મયંકભાઈ જોષી તથા જતનભાઈ ઉપાધ્યાય દ્વારા નગરમાં આસપાસના વિસ્તારમાં આવેલ લોકો જે આ ગરમીમાં હેરાન પરેશાન થઈ રહ્યા તેમના માટે અમૃત સમાન ઠંડી છાસનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. આજ રોજ તા. ૨૫ મે ૨૦૨૪ ના દિવસે બપોરનું તાપમાન ૪૩ ડિગ્રી જેવું હતું ત્યારે આવા સમયે આ વેપારીઓએ છાસ વિતરણ કરી લગભગ ૫૦૦ જેટલા લોકોને આનો લાભ આપ્યો જેથી તે ચક્કર, હીટ સ્ટ્રોક જેવી બીમારીઓનો સામનો કરી શકે તથા આ સેવા આમજ ચાલુ રાખવા વેપારિશ્રીઓએ તૈયારી બતાવી.

# મેં પતરું તોડ્યું અને ૧૫ લોકો બચ્યાં, પેટ્રોલના કેન પડ્યા હતા, રાજકોટ અગ્નિકાનમાં પ્રત્યક્ષદર્શીએ કર્યો ઘટસ્ફોટ

। રાજકોટ, તા.૨૬ ।

રાજકોટ અગ્નિકાંડમાં અત્યાર સુધીમાં ૩૨ લોકોના મોત થયા છે. જ્યારે ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગી હતી, ત્યારે દક્ષ કુંજડિયા હાજર હતો. આ ઘટનાને લઈને તેમણે જણાવ્યું કે, 'ઈમરજન્સી ગેટની નીચે જ આગ લાગી હતી. તેથી ત્યાંથી નીકળી શકાય તેમ હતું નહીં. મુખ્ય દરવાજા લોક થઈ ગયા હતા. મેં પતરું તોડ્યું તો મારી સાથે બીજા ૧૫ લોકો કૂદકા મારીને ત્યાંથી નીકળી શક્યા હતા.

ગ્રાઉન્ડ ફ્લોર પર પેટ્રોલના કેન પડ્યા હતા અને વેલ્ડિંગનું કામ પણ ચાલુ હતું.' રાજકોટ અગ્નિકાનમાં પ્રત્યક્ષદર્શી દક્ષ કુંજડિયાએ જણાવ્યું હતું કે, 'હું અને મારો ૧૦ વર્ષીય કઝિન બોલિંગ કરવા માટે ગયા હતા. અમે બોલિંગ કરી રહ્યાં હતા ત્યારે આગ લાગી હતી. ત્યાંનો સ્ટાફ અમને ઈમરજન્સી એક્ઝિટ પાસે લઈ ગયો હતો. આગ જે લાગી હતી તે ઈમરજન્સી એક્ઝિટ પાસે જ લાગી હતી. અમારો ઈમરજન્સી ગેટ અને એન્ટ્રી ગેટ બધુ બંધ થઈ ગયું હતું. અમારી પાસે બહાર નિકળવા માટે કોઈ ઓપ્શન ન હતું. મે કોર્નરમાં પતરું તોડીને હું અને ૧૫ લોકો બહાર નીકળી ગયા હતા. નાના બાળકો ટ્રેમ્પોલિંગ પાર્કમાં હતા. બોલિંગમાં એન્ટ્રી અને એક્ઝિટ માટેનો એક જ ગેટ હતો. જે કાચનો હતો. તેમાં રબ્બરની પ્લેટ લાગી હતી જે ગરમ થવાથી ચોંટી ગઇ હતી અને તેના કારણે ગેટ ખુલી શક્યો ન હતો. ત્યાં કોઈ ફાયર એક્સિક્યુઝન હતા નહીં. તેમનો સ્ટાફ અમારી જોડે લોક થઈ ગયો હતો. ધૂમાડો એટલો હતો કે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી.'

રાજકોટમાં શનિવારે બનેલી અગ્નિકાંડની દુર્ઘટનામાં હવે એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. ગેમ ઝોનમાં શનિવારે આ ગેમિંગ ઝોનમાં ૯૯ રૂપિયાની ટિકિટ રખાઈ હતી, જેનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. એન્ટ્રી કરનાર દરેક લોકો પાસેથી એક ફોર્મમાં સહી લેવામાં આવતી હતી. આ ફોર્મમાં ઘણી શરતો રાખવામાં આવી હતી. આ શરતો સ્વીકાર્યા પછી જ લોકોને ગેમ ઝોનની અંદર પ્રવેશ આપવામાં આવતો હતો.

# મંદિરમાં સેવા આપવા જતી તરુણીની છેડતી કરાઈ

। સુરત, તા.૨૬ ।

મંદિરમાં સેવા આપવા જતી હતી તરુણીની છેડતી કરાઈ. યુવાને બાઈક ખરાબ થઈ ગયુ હોવાનું કહી તરુણીને હેન્ડલ પકડવા કીધું. તરુણીએ હેન્ડલ પકડ્યું હતું ત્યારે યુવાન તરુણીને અડપલા કરવા લાગ્યો. બાદમાં યુવતીએ ઘરે જઈ યુવાનની આ હરકત જણાવી. પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદના આધારે પોલીસે છેલબટાઉ યુવકની ધરપકડ કરી.

સુરતમાં યુવતીની છેડતી કરાઈની ફરિયાદ મળતા પોલીસે તપાસ હાથ ધરી. તરુણીના પરિવારની ફરિયાદના આધારે કાર્યવાહી કરતા પોલીસે ૨૦૦ કેમેરા તપાસી આરોપીની ધરપકડ કરી. તપાસમાં આરોપીનું નામ સંદીપ હોવાનું સામે આવ્યું. પોલીસે સંદીપની ઓલપાડથી ધરપકડ કરી અને તે અપરિણીત હોવાનું માલૂમ પડ્યું. પોલીસે મંદિર જતી તરુણીની છેડતી કરનાર સંદીપની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. શહેરમાં કોલેજ જતી યુવતીઓ અને બાળકીઓની છેલબટાઉ યુવક દ્વારા છેડતી કરવામાં આવી રહી છે. હવે પોલીસ પણ આવા મામલાની નોંધ લેતા કાર્યવાહી હાથ ધરવા લાગી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. તમે આજે તમારા મહત્વપૂર્ણ કાર્યો નો નિકાલ કરી ને તમારા માટે ચોક્કસપણે સમય કાઢશો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હ્રદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

### સેટેલાઇટ ઇમેજમાં થયો ખુલાસો

# ચીનમાં ઇસ્લામ ધર્મની છેલ્લી મોટી મસ્જિદ તોડી પડાઇ

## ચીનની છેલ્લી મોટી મસ્જિદના ગુંબજ કે જેણે ઇસ્લામિક શૈલીના વિશેષતાઓને જાળવી રાખી હતી તેને તોડી પડાયું

। બેઈજિંગ, તા.૨૬ ।

ભારતના પાડોશી દેશ ચીનમાં હવે ઈસ્લામ ધર્મની મસ્જિદો પર ત્યાંની સરકાર એક્શન લઈ રહી છે. તાજેતરમાં જ ચીનની છેલ્લી મોટી મસ્જિદના ગુંબજ કે જેણે ઈસ્લામિક શૈલીના વિશેષતાઓને જાળવી રાખી હતી તેને તોડી પડાયુ છે. આ મસ્જિદના મિનારાઓમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યા છે. ચીનમાં ઈસ્લામ પ્રથાને રોકવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. શાદિયનની ગ્રાન્ડ મસ્જિદ ચીનની સૌથી મોટી અને ભવ્ય મસ્જિદોમાંની એક છે. તે દક્ષિણપશ્ચિમ યુનાન પ્રાંત પર સ્થિત છે. ગયા વર્ષ સુધી ૨૧,૦૦૦-ચોરસ-મીટર સંકુલમાં એક મોટી ઈમારતનો સમાવેશ થતો હતો, જેની ટોચ પર અર્ધચંદ્રાકાર ચંદ્ર સાથે ટાઈલવાળા લીલા ગુંબજ હતા. બંને બાજુ ચાર નાના ગુંબજ અને ઊંચા મિનારા હતા. ૨૦૨૨ના સેટેલાઈટ ફોટોમાં જોવા મળ્યું હતું કે મસ્જિદનો પ્રવેશ દ્વાર કાળી ટાઈલ્સથી બનેલો હતો. આ વર્ષે ફોટોગ્રાફ્સ, સેટેલાઈટ ઈમેજ અને સાક્ષીઓ દર્શાવે છે કે ચીને ગુંબજ હટાવી દીધો છે. તેની જગ્યાએ હાન ચાઈનીઝ સ્ટાઈલ પેગોડાની છત બનાવવામાં આવી છે. મિનારાઓને ટૂંકાવીને પેગોડા ટાવર્સમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. મસ્જિદની બહારથી, છત પર અર્ધચંદ્રાકાર અને તારાઓની ટાઈલ્સની કેડી દેખાય છે. યુનાનની અન્ય ઐતિહાસિક મસ્જિદ નજિયાયિંગમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે.

### કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઈતિહાસ રચ્યો

# અનસૂયા સેનગુપ્તા શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય બની

## એવોર્ડ ફિલ્મ 'ધ શેમલેસ' માટે મળ્યો છે : ફિલ્મમાં તેનીએક્ટિંગની ખૂબ જ પસંદ કરવામાં આવી હતી

। નવી દિલ્હી, તા.૨૬ ।

દર વર્ષની જેમ આ વર્ષે પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સુંદર પોશાક પહેરેલા સ્ટાર્સનો મેળાવડો જોવા મળ્યો હતો. આ વખતે ઐશ્વર્યા રાય બચ્ચન ફરી એકવાર તેના લુક્સના કારણે ચર્ચામાં રહી હતી, જ્યારે પ્રીતિ ઝિન્ટા પણ લાઈમલાઈટમાં છવાઈ ગઈ. ત્યારે આ બધાની વચ્ચે હવે અભિનેત્રી અનસૂયા સેનગુપ્તા પણ ચર્ચામાં આવી છે. કોલકાતાની રહેવાસી અનસૂયા સેનગુપ્તાએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઈતિહાસ રચ્યો છે. અનસૂયા સેનગુપ્તાએ શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય બની ગઈ છે.

કાન્સ ૨૦૨૪ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ અત્યારે ચર્ચામાં છે. આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે દુનિયાભરમાંથી મનોરંજન જગતના દિગ્ગજો આવ્યા હતા. ૧૪મી મેથી શરૂ થયેલી આ ઈવેન્ટનો આજે એટલે કે ૨૫મી મેના રોજ છેલ્લો દિવસ છે. આ વર્ષના ફિલ્મ ફેસ્ટિવલમાં કોલકાતાની અનસૂયા સેનગુપ્તા સહિત ભારતમાંથી ઘણા લોકોએ ભાગ લીધો હતો.

કોલકાતાની રહેવાસી અનસૂયા સેનગુપ્તાએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ, ૨૦૨૪માં ઈતિહાસ રચ્યો છે. શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતનારી તે પ્રથમ ભારતીય બની છે. તેને આ એવોર્ડ ફિલ્મ 'ધ શેમલેસ' માટે મળ્યો છે. આ મૂવીમાં, અનસૂયા એક વેશ્યાની ભૂમિકા ભજવે છે જે એક પોલીસકર્મીને ચાકુ મારીને દિલ્હીના વેશ્યાલયમાંથી ભાગી જાય છે. અનસૂયા સેનગુપ્તાને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના અન સર્ટન રિગાર્ડ સેગમેન્ટમાં શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે પસંદ કરવામાં આવી હતી. એવોર્ડ જીત્યા પછી, અનસૂયા સેનગુપ્તાએ કહ્યું કે, ''બધા માટે સમાનતાની લડાઈ લડવા માટે તમારે સમલૈંગિક હોવું જરૂરી નથી. આપણે ફક્ત ખૂબ જ સંસ્કારી માણસો બનવાની જરૂર છે.'' આ સાથે, તેણે આ જીત માટે ઈન્સ્ટાગ્રામ પર તેના ચાહકોનો આભાર પણ માન્યો હતો.

મૂળ કોલકાતાની અનસૂયા સેનગુપ્તાએ નેટફ્લિક્સ શો 'મસાબા મસાબા'નો સેટ ડિઝાઈન કર્યો હતો. તેણીએ પ્રોડક્શન ડિઝાઈનર અને હવે અભિનેત્રી તરીકે પોતાની ઓળખ બનાવી છે. અભિનેત્રી અને પ્રોડક્શન ડિઝાઈનર અનસૂયા સેનગુપ્તાને આ એવોર્ડ ફિલ્મ 'ધ શેમલેસ માટે મળ્યો છે. આ ફિલ્મમાં તેની એક્ટિંગની કલાને ખૂબ જ પસંદ કરવામાં આવી હતી.

### ઉત્તર પ્રદેશના શાહજહાંપુરની ઘટના

# પુરપાટ ઝડપે આવેલાં હેવી ટ્રકે ૧૧ નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતાર્યા

## શ્રદ્ધાળુઓથ્ની બસ શાહજહાંપુરમાં ખાવા-પીવા રોકાઈ હતી : તે જ સમયે પત્થરોથી ભરેલી ટ્રક બસ સાથે અથડાઈ

। શાહજહાંપુર, તા.૨૬ ।

ભગવાનનું નામ લઈને તીર્થ યાત્રા પર જઈ રહેલાં શ્રદ્ધાળુઓનો એક પુરપાટ ઝડપે આવતા ટ્રકે ભોગ લીધો. માતેલાં સાંઢની જેમ પુરપાટ ઝડપે આવેલાં હેવી ટ્રકે નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી દીધાં. આ ઘટના બાદ આખું સરકારી તંત્ર દોડતું થઈ ગયું. ખુદ રાજ્યના મુખ્યમંત્રીએ પણ આ ઘટનાની નોંધ લીધી. ઉલ્લેખનીય છેકે, આ ઘટના બની છે ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં. જ્યાં મોત બનીને માતેલાં સાંઢની જેમ પુરપાટ ઝડપે લહેરાતો ટ્રક આવ્યો અને પૂર્ણગિરી જઈ રહેલા ૧૧ ભક્તોને કચડી નાંખ્યાં. આ ઘટનામાં આંખના પલકારામાં જ ઘટના સ્થળ પર જ ૧૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો. શાહજહાંપુરમાં પથ્થરોથી ભરેલી ટ્રક પાર્ક કરેલી બસ સાથે અથડાતાં મોટો માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા. હાલ ઘણા ઘાયલોની હાલત નાજુક હોવાનું કહેવાય છે. શાહજહાંપુરમાં શનિવાર અને રવિવારની વચ્ચેની રાત્રે એક મોટો માર્ગ અકસ્માત થયો હતો, જેમાં ૧૧ લોકોના આંખના પલકારામાં મોત થયા હતા. આ માર્ગ અકસ્માત ત્યારે થયો જ્યારે સીતાપુરથી પૂર્ણાગિરી જઈ રહેલી શ્રદ્ધાળુઓથી ભરેલી બસ શાહજહાંપુરમાં ખાવા-પીવા માટે રોકાઈ હતી. તે જ સમયે પત્થરોથી ભરેલી ટ્રક રસ્તા પર કાબુ બહાર જઈને બસ સાથે અથડાઈ હતી અને તેના પર પલટી ગઈ હતી. જેના કારણે બસમાં સવાર મુસાફરોને કોઈ તક મળી ન હતી અને હોબાળો મચી ગયો હતો. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે બસ રોડની બાજુમાં ઉભી હતી. આ દરમિયાન એક પથ્થરો ભરેલું ડમ્પર બસ પર પલટી મારી ગયું હતું. આ ઘટનામાં અનેક લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યો. ઘટનામાં એવા ઘણા લોકો હતા જેમણે



પોતાના ભાઈ, પિતા, માતા અને બાળકો ગુમાવ્યા છે. એવી અપેક્ષા છે કે સરકાર આજે જ મૃતકો અને ઘાયલો માટે વળતરની જાહેરાત કરી શકે છે. ટ્રક પથ્થરોથી ભરેલી હતી અને ક્રેન કે અન્ય મદદ પહોંચી ત્યાં સુધીમાં ૧૧ લોકોના કરૂણ મોત થયા હતા. એક ડઝનથી વધુ શ્રદ્ધાળુઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. ખાનગી બસ ભક્તો સાથે સીતાપુરથી પૂર્ણાગિરી જઈ રહી હતી અને શાહજહાંપુરના એક ઢાબા પર ભોજન લેવા માટે રોકાઈ હતી. આ ઘટના ખુટાર પોલીસ સ્ટેશન વિસ્તારના ગોલા બાયપાસ રોડ પર બની હતી, જ્યાં પથ્થરોથી ભરેલો ટ્રક ઢાબા પાસે પાર્ક કરેલી ખાનગી બસને અથડાયો હતો અને બસ પર જ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં બસમાં મુસાફરી કરી રહેલા ૧૧ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે એક ડઝનથી વધુ શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃત્યુ પામેલાઓમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. જણાવવામાં આવી રહ્યું છે કે લગભગ ૩ કલાક સુધી ચાલેલા બચાવ અભિયાન બાદ ટ્રકની નીચેથી ઘણા મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. તમામ ઘાયલોને મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. જાણવા મળે છે કે એક ખાનગી બસ સીતાપુરથી શ્રદ્ધાળુઓ સાથે પૂર્ણગિરી દર્શન માટે જઈ રહી હતી ત્યારે ટ્રક રોડની બાજુમાં ઉભેલી બસ પર પલટી ગઈ હતી. હાલ તમામ ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઘટના બાદ પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શાહજહાંપુરમાં માર્ગ અકસ્માતની નોંધ લીધી છે. સીએમ યોગીએ મૃતકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. અને અધિકારીઓને તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી રાહત કાર્યને ઝડપી બનાવવા સૂચના પણ આપવામાં આવી છે. મુખ્યમંત્રીએ ઘાયલોને યોગ્ય સારવાર માટે સૂચના આપી છે. તેમજ ઈજાગ્રસ્તોના જલદી સાજા થવાની કામના કરી હતી.

## ભાજપના નેતાની ગાડી પર પથ્થરમારો, સુરક્ષાકર્મીઓના માથા ફોડી નાખ્યા



। ઝારગ્રામ, તા.૨૬ ।

વરિષ્ઠ ભાજપ નેતા અને ઝારગ્રામથી ઉમેદવાર પ્રાણનાથ ટુડૂએ શનિવારે દાવો કર્યો કે, પશ્ચિમ મિદનાપુર જિલ્લાના ગડબેતા વિસ્તારમાં તેમના કાફલા પર હુમલો કર્યો, જે બાદ તેમની સાથે ચાલી રહેલા સુરક્ષાકર્મી ઘાયલ થઈ ગયા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. પશ્ચિમ બંગાળમાં ઝારગ્રામ લોકસભા સીટ પર મતદાન દરમ્યાન ભાજપ ઉમેદવાર પ્રાણનાથ ટુડૂની ગાડી પર હુમલો થયો. પથ્થરમારો થયો. કથિત રીતે કેન્દ્ર ફોર્સ સાથે પણ મારપીટ કરવામાં આવી. ગડબેતામાં પ્રાણનાથ ટુડૂની કાર પર હુમલામાં બે સુરક્ષાકર્મી પણ ઘાયલ થઈ ગયા છે. તેમના માથામાં ઈજા થઈ છે. તેમને હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે. જ્યારે ટીએમસીનો આરોપ છે કે, ભાજપ વિસ્તારોમાં અશાંતિ ફેલાવી રહી છે. વરિષ્ઠ ભાજપ નેતા અને ઝારગ્રામથી ઉમેદવાર પ્રાણનાથ ટુડૂએ શનિવારે દાવો કર્યો કે, પશ્ચિમ મિદનાપુર જિલ્લાના ગડબેતા વિસ્તારમાં તેમના કાફલા પર હુમલો કર્યો, જે બાદ તેમની સાથે ચાલી રહેલા સુરક્ષાકર્મી ઘાયલ થઈ ગયા.

## ગૂગલ મેપે આપ્યો દગો, મોંઘી એસયુવી જઈને પડી નદીમાં



। તિરુવનંતપૂરમ, તા.૨૬ ।

ગુગલ મેપ અજાણ્યા અને નિર્જન રસ્તાઓ પર ખૂબ મદદરૂપ સાબિત થાય છે. જો કે, હૈદરાબાદના પ્રવાસીઓના કેટલાક જૂથને તેના દ્વારા સૂચવેલા માર્ગને અનુસરવાનું મોંઘું પડ્યું. તેમની એસયુવી નદીમાં પડી હતી. આ ઘટના કેરળના કોટ્ટાયમ જિલ્લાના કુરુપંથરા વિસ્તારમાં શનિવારે સવારે બની હતી. આ કારમાં ત્રણ પુરુષ અને એક મહિલા બેઠા હતા અને તેઓ અલપ્પુઝા જઈ રહ્યા હતા. જોકે, આ ઘટનામાં પ્રવાસીઓને કોઈ ઈજા થઈ નથી. પોલીસ કર્મચારીઓ અને સ્થાનિક લોકોએ તેમને સમયસર બચાવ્યા હતા. પરંતુ, કાર નદીમાં સંપૂર્ણ રીતે ડૂબી ગઈ હતી. કાર નદીમાં પડી હોવાની માહિતી મળતાની સાથે જ નજીકમાં પેટ્રોલિંગ પર તૈનાત પોલીસ અને સ્થાનિક લોકો પ્રવાસીઓને બચાવવા દોડી આવ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં તમિલનાડુના ગુડાલુરમાં ગૂગલ મેપ્સની ભૂલને કારણે એક કાર સીડી પર ફસાઈ ગઈ હતી.

# કોરોના બાદ ચીનની લેબમાં તૈયાર થયો બીજો ઘાતક વાયરસ

। બેઈજીંગ, તા.૨૬ ।

હાલમાં જ ચીનમાંથી અન્ય એક ડરામણા સમાચાર આવી રહ્યા છે જ્યાં ચીનના વૈજ્ઞાનિકોએ જીવલેણ ઈબોલા વાયરસ રોગ અને તેના લક્ષણોનો અભ્યાસ કરવા માટે વાયરસના કેટલાક ભાગોનો ઉપયોગ કરીને એક વાયરસ તૈયાર કર્યો છે. હેબેઈ મેડિકલ યુનિવર્સિટીમાં તેના ઉપયોગનું વર્ણન કરતા સાયન્સ ડાયરેક્ટમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં આ વાત સામે આવી છે.

અહીં અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આ વાયરસને ચકાસવા માટે, હેમ્સ્ટર નામના પ્રાણીઓના જૂથને સામેલ કરવામાં આવ્યા હતા, જેમાં એક પ્રાણીને આ મ્યુટન્ટમાંથી બનાવેલા વાયરસનું ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. પરિણામ એ આવ્યું કે તેનું મૃત્યુ થયું.

અભ્યાસમાં વધુમાં જાણવા મળ્યું છે કે હેમ્સ્ટરને માનવીય ઈબોલાના દર્દીઓ જેવા જ ગંભીર રોગો હોવાનું દર્શાવવામાં આવ્યું છે, જેમાં મલ્ટિ-ઓર્ગન ફેલ્યોરનો સમાવેશ થાય છે. તેમાં ઈબોલા વાયરસનું પ્રોટીન ઉમેરવામાં આવ્યું હતું, જે વાયરસના કોષને ચેપ લગાડે છે અને તેને આખા માનવ શરીરમાં ફેલાવે છે. જ્યાં વાયરસનું ઈન્જેક્શન આપતાની સાથે જ હેમ્સ્ટરની આંખોની પ્યુપિલ્સમાંથી ડિસ્ચાર્જ આવવા લાગ્યો, જેના કારણે તેમની આંખોની રોશની બગડી. આ અભ્યાસ દરમિયાન, ચાઈનીઝ વૈજ્ઞાનિકોએ વેસીક્યુલર સ્ટેમેટીટીસ વાયરસ (ફજીફ) નામના એક અલગ વાયરસનો ઉપયોગ કર્યો હતો, જેમાં ગ્લાયકોપ્રોટીન (ંૈ) નામનું પ્રોટીન હોય છે. જે વાયરસને કોષમાં મોકલે છે જે ચેપનો એક તબક્કો છે. તેથી જ્યારે તેઓએ મૃત પ્રાણીના અંગો કાપ્યા, ત્યારે તેઓએ જોયું કે વાયરસ હૃદય, યકૃત, બરોળ, ફેફસાં, કિડની, પેટ, આંતરડા અને મગજમાં એકઠા થઈ ગયા હતા, જેનાથી તેમનો અભ્યાસ સફળ રહ્યો હતો.જો આપણે અહીં ઈબોલા વાયરસ વિશે વાત કરીએ તો, ઈબોલા વાયરસ રોગ એક ગંભીર ચેપી રોગ છે જે એક વ્યક્તિથી બીજામાં ફેલાય છે. ચેપગ્રસ્ત વ્યક્તિના લોહી, શરીરના પ્રવાહી અથવા સ્રાવ (મળ, પેશાબ, લાળ, વીર્ય) ના સંપર્ક દ્વારા ચેપ ફેલાય છે, પરંતુ જો તે લક્ષણો બતાવે તો જ. તમને જણાવી દઈએ કે, ઈબોલા હવા દ્વારા ફેલાતો નથી. આ રોગમાં મૃત્યુદર સામાન્ય રીતે ખૂબ ઊંચો હોય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) અનુસાર, છેલ્લી વખત વિશ્વમાં મોટો ઈબોલા ચેપ ૨૦૧૪ અને ૨૦૧૬ ની વચ્ચે પશ્ચિમ આફ્રિકન દેશોમાં નોંધાયો હતો.

## વિશેષ

### પશ્ચિમ બંગાળમાં અતિભારે વરસાદનું એલર્ટ

# ૨૧ કલાક માટે બંધ કરવામાં આવશે કોલકાતા એરપોર્ટ

## પશ્ચિમ બંગાળના સાગર ટાપુ અને બાંગ્લાદેશના ખેપુપારા વચ્ચે ત્રાટકશે તેવી સંભાવના, જેને લઈને તંત્ર એલર્ટ

। કોલકાતા, તા.૨૬ ।

ચક્રવાત રેમલને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. રેમલ આજે રાત્રે પશ્ચિમ બંગાળના સાગર ટાપુ અને બાંગ્લાદેશના ખેપુપારા વચ્ચે પહોંચે તેવી શક્યતા છે. ભારતના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રેમલ ઉત્તર બંગાળની ખાડી પર તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમ્યું છે. સાઈક્લોન રેમલની અસર કોલકાતામાં દેખાવા લાગી છે. કોલકાતામાં વરસાદ વરસી રહ્યો છે. દરિયાકાંઠે ૧ મીટર ઊંચા મોજા ઉછળી રહ્યા છે.

ભારતીય નૌકાદળે ચક્રવાત રેમલને લઈને પ્રારંભિક કામગીરી શરૂ કરી દીધી છે. વિશ્વસનીય માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (ઁછ્ઢ્ઈ) પ્રતિસાદ શરૂ કરવા માટે હાલની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાઓ (જીૈં) ને અનુસરી બચાવ કામગીરી હાથ ધરાઈ છે. નેવલ હેડક્વાર્ટર ખાતે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ચક્રવાત રેમલ તીવ્ર બનવાની ધારણા છે. તે સાગર ટાપુ, પશ્ચિમ બંગાળ અને ખેપુપારા, બાંગ્લાદેશમાં ત્રાટકશે તેવી સંભાવના છે.

ૈંસ્ઢએ જણાવ્યું કે ચક્રવાત 'રેમલ' એક ગંભીર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ ગયું છે અને રવિવારે રાત્રે પશ્ચિમ બંગાળના સાગર દ્વીપ અને બાંગ્લાદેશના ખેપુપારા વચ્ચે ત્રાટકવાની સંભાવના છે. 'રેમલ' પર નજર રાખવા માટે સુંદરબનમાં એક કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે.આ પ્રી-મોન્સુન સિઝનમાં બંગાળની ખાડીમાં આ પહેલું ચક્રવાત છે. ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ઢ) દ્વારા જારી કરાયેલા અપડેટ મુજબ, ચક્રવાત 'રેમલ' રવિવારે સવારે ૮ વાગ્યે ઉત્તર બંગાળની ખાડીમાં તીવ્ર ચક્રવાત વાવાઝોડામાં પરિણમ્યો હતો.



ચક્રવાતને પહોંચી વળવા માટે રાજ્યમાં દ્ગડ્ઢઇહ્લની ૧૨ ટીમો બનાવવામાં આવી છે. આ સાથે કોલકાતામાં ૧૫ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમો બનાવવામાં આવી છે. કોલકાતા પોલીસની દરેક ૧૦ ડિવિઝનમાં એક ટીમ છે. લાલબજારમાં બે ટીમો અને પોલીસ ટ્રેનિંગ છે. દરેક ટીમમાં ૭ સભ્યો છે. તેમની પાસે વૃક્ષો કાપવા માટે આરી સહિત તમામ જરૂરી સાધનો છે. કંટ્રોલ રૂમ પહેલેથી જ ઉભો કરવામાં આવ્યો છે. કટોકટીના કિસ્સામાં કંટ્રોલ રૂમ નંબર ૧૦૭૦ અને (૦૩૩) ૨૨૧૪ ૩૫૩૫ પર સંપર્ક કરી શકાય છે. ૨૨ મેના રોજ બંગાળની ખાડીમાં શરૂઆતમાં એક લૉ પ્રેશર સિસ્ટમ જોવા મળી હતી, જે હવે ડિપ્રેશનમાં ફેરવાઈ ગઈ છે, જે હાલમાં મધ્ય બંગાળની ખાડીમાં સ્થિત છે. ૈંસ્ઢ અનુસાર, પશ્ચિમ બંગાળ તેમજ અન્ય પૂર્વોત્તર રાજ્યો જેમ કે ત્રિપુરા, આસામ, નાગાલેન્ડ અને મણિપુરમાં વરસાદ અને તેજ પવન ફૂંકાઈ શકે છે.

રેમલ વાવાઝોડાના કારણે સિયાલદાહ અને પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણાના નામખાના, કાકદ્વીપ, સિયાલદહ-ઉત્તર ૨૪ પરગણાના હસનાબાદ વચ્ચે ચાલતી ટ્રેન સેવા સોમવાર સુધી બંધ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના દક્ષિણ અને ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના દરિયાકાંઠાના જિલ્લા માટે ૨૬મી અને ૨૭મી મેના રોજ રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત રેમલ વાવાઝોડાને ધ્યાનમાં રાખીને કોલકાતા એરપોર્ટ રવિવાર બપોરથી ૨૧ કલાક માટે વિમાન સેવા બંધ કરવાનો નિર્ણય લીધો છે. ચક્રવાતને પહોંચી વળવા માટે રાજ્યમાં દ્ગડ્ઢઇહ્લની ૧૨ ટીમો બનાવવામાં આવી છે. આ સાથે કોલકાતામાં ૧૫ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમો બનાવવામાં આવી છે. કોલકાતા પોલીસની દરેક ૧૦ ડિવિઝનમાં એક ટીમ છે. લાલબજારમાં બે ટીમો અને પોલીસ ટ્રેનિંગ છે. દરેક ટીમમાં ૭ સભ્યો છે. તેમની પાસે વૃક્ષો કાપવા માટે આરી સહિત તમામ જરૂરી સાધનો છે. કંટ્રોલ રૂમ પહેલેથી જ ઉભો કરવામાં આવ્યો છે. કટોકટીના કિસ્સામાં કંટ્રોલ રૂમ નંબર ૧૦૭૦ અને (૦૩૩) ૨૨૧૪ ૩૫૩૫ પર સંપર્ક કરી શકાય છે. ૨૨ મેના રોજ બંગાળની ખાડીમાં શરૂઆતમાં એક લૉ પ્રેશર સિસ્ટમ જોવા મળી હતી, જે હવે ડિપ્રેશનમાં ફેરવાઈ ગઈ છે, જે હાલમાં મધ્ય બંગાળની ખાડીમાં સ્થિત છે. ૈંસ્ઢ અનુસાર, પશ્ચિમ બંગાળ તેમજ અન્ય પૂર્વોત્તર રાજ્યો જેમ કે ત્રિપુરા, આસામ, નાગાલેન્ડ અને મણિપુરમાં વરસાદ અને તેજ પવન ફૂંકાઈ શકે છે.

રેમલ વાવાઝોડાના કારણે સિયાલદાહ અને પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણાના નામખાના, કાકદ્વીપ, સિયાલદહ-ઉત્તર ૨૪ પરગણાના હસનાબાદ વચ્ચે ચાલતી ટ્રેન સેવા સોમવાર સુધી બંધ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના દક્ષિણ અને ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના દરિયાકાંઠાના જિલ્લા માટે ૨૬મી અને ૨૭મી મેના રોજ રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત રેમલ વાવાઝોડાને ધ્યાનમાં રાખીને કોલકાતા એરપોર્ટ રવિવાર બપોરથી ૨૧ કલાક માટે વિમાન સેવા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

# આરોપીઓના જામીન મંજૂર થયા તો એકેયને જીવતો નહીં છોડું

## અગ્નિકાંડમાં એક જ પરિવારના ૫ લોકો લાપતા છે ત્યારે પરિવારજન ગુમાવનાર પરિવારના સદસ્યએ ધમકી આપી

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

રાજકોટ આગકાંડમાં એક જ પરિવારના ૫ લોકો હજુ લાપતા છે. પરિવારના ૧૦ લોકો ગેમઝોનમાં ગયા હતા. જેમાં વિરેન્દ્રસિંહ જાડેજા સહિત ૫ લોકો હજી સુધી લાપતા છે. રાજકોટ આગકાંડમાં એક જ પરિવારના ૫ લોકો લાપતા થવાથી આખો પરિવાર ગમગીન બની ગયો છે. આ ઘટનાથી વ્યથિત થયેલા પરિવારના એક સદસ્યએ ગુસ્સામાં આવીને કહ્યું કે, અમારા પરિવારના ૧૦ લોકો ગેમઝોનમાં ગયા હતા, ૫ લોકો લાપતા છે. કોઈની ઓળખ થઈ શકી નથી. આ તામમ ્ઈ ઝોનમાં રમવા માટે ગયા હતા. દોષિતોને કડકમાં કડક સજા થવી જોઈએ. જો જામીન મંજુર થાય તો હું તેમને મારી નાંખીશ. હવે મારી પાછળ કોઈ બચ્યું નથી. મારે જેલમાં જવું પડે તો હું જવા તૈયાર છું. મીડિયાએ જે રીતે લેવું હોઈ તે લેજો. ધમકી સમજો તો પણ મને મંજુર છે. ગુસ્સામાં આવેલા પરિવારના સદસ્યએ ધમકી આપતા કહ્યું કે, મારી માંગણી એ છે કે, સરકારે કાં તો આ લોકોને ફાંસીની સજા આપો. અથવા તો કોઈ એડવોકેટ તેમનો કેસ ન લડે, ન તો હાઈકોર્ટમાં, ન તો સુપ્રીમમાં. જો કોઈને પૈસાથી જ કેસ લડવો હોય તો જે પણ ફી થતી હોય તેને ૨ લાખ રૂપિયા હુ આપવા તૈયાર છું. હુ મારા પોતાના રૂપિયા આપીશ. મારે કોઈ સરકારી સહાય જોઈતી નથી. મીડિયામાં હાજરીમાં જે જરૂરિયાતમંદને સરકારી સહાય જોઈતી હશે એને હું આપી દઈશ. જ આમાંથી કોઈના પણ સજા પહેલા જામીન મંજૂર થયા તો હુ એમને મારી નાંખીશ. મારા આગળ પાછળ કોઈ નથી, હતુ એ વહ્યું ગયું છે. આને તમે ધમકી સમજો તો છુટ છે, મીડિયાને જે રીતે છાપવુ એ છુટ છે.



આને બાપની વેદના સમજીની છાપવુ હોય તો પણ છૂટ છે. જો આ લોકો જામીન પર છુટ્યા તો હું એકેયને જીવતો નહિ છોડું. હવે મારો કોઈ પરિવાર ઓળખ નથી થઈ રહી, તેમ હું એમને ઓળખ નહિ થવા દઉં. આ કોઈ જાતની ખાલી કહેવાની ધમકી નથી. આના માટે બધી તૈયારી છે. આ માટે હું જેલમાં જતો રહીશ. જેને જ્યા મને અડવુ હોય એ અડી લે, પણ હું કોઈને મૂકીશ નહિ. હું સરકારને એટલુ જ કહેવા માગુ છું કે, આ લોકોને કડકમાં કડક સજા થવી જોઈએ. કોઈને કોઈ દુર્ઘટના બનતી જાય છે. કોઈનો દીકરો, કોઈની દીકરી, કોઈનો પરિવાર જતો રહે છે. છતા કોઈ એક્શન લેવાતું નથી. હવે સરકાર એક્શન નહિ લે, તો પબ્લિક એક્શન લેશે. હવે હું દેખાડીશ. જો જામીન મંજૂર થયા તો હું તેમને પૂરો કરી દઈશ.

પરિવારમાંથી કોણ કોણ લાપતા

રાજભા પ્રદીપસિંહ ચોહાણ, ૧૫ વર્ષનો દીકરો

વીરેન્દ્રસિંહ જાડેજા, ૪૨ વર્ષ

ધર્મરાજ સિંહ, ૧૪ વર્ષ

ગુડ્ડુબા હિતેન્દ્ર સિંહ જાડેજા, ૧૦ વર્ષ

ઓમદેવ સિંહ ગોહિલ, ૩૧ વર્ષ

વિરેન્દ્રસિંહના પત્ની જિજ્ઞાના હોસ્પિટલમાં દાખલ

આ વિશે પરિવારજન ચંદ્રસિંહ જાડેજાએ કહ્યું કે, મારા કાકાના દીકરાનો ફોન આવ્યો હતો. પરિવારના કેટલાક સભ્યો ગેમઝોન ગયા છે તેમનો ફોન લાગતો નથી. કુલ ૧૦ લોકો ગયા હતા તેમાંથી ૨ હોસ્પિટલમાં દાખલ, અન્ય ૫ લાપતા છે. સંચાલકોની બેદરકારીના કારણે ઘટના બની હોવાનો પરિવારે આક્ષેપ લગાવ્યો છે. ત્યાં કોઈ ફાયર સેફ્ટી નહોતી. તેથી દોષિતોને સજા આપવા પરિવારની માંગ છે. મુખ્યમંત્રીએ ખાતરી આપી છે તમામ મદદ કરીશું.

પ્રદિપસિંહ ચૌહાણના પુત્ર રાજભા ચૌહાણ હજુ લાપતા છે. પરિવાર રાહ જોઈ ઈ બેઠો છે કે કઈક સારી ખબર આવે પણ શક્યતા ઘણી ઓછી છે, રાજભા પૂરા પરિવારમાં સૌથી નાનો અને સૌ કોઈનો લાડલો હતો. અત્યાર સુધીમાં દરવખતમાં જન્મદિવસ પર વિદેશી ઠાઠ-માઠથી આલિશાન ઉજવણી કરતી હતી. આજદીન સુધી એની એકપણ માંગ પૂરી ના થઈ હોય એવું નથી બન્યું. પણ આજે આ ઘરનું આંગણ સૂનું છે અને દાદા દાદીનો લાડલા પૌત્રની રાહ જોવાઈ રહી છે.

## ગેમિંગ ઝોનની ફાયર એનઓસીની કાર્યવાહી પૂર્ણ થઇ ન હતી : પોલીસ

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

શહેરના ગેમિંગ ઝોનના આગકાંડમાં અત્યાર સુધીમાં ૩૨ જિંદગીઓ હોમાઇ ગઈ છે. ૩૨ લોકોનાં મોતથી રાજકોટ સહિત આખું ગુજરાત હિબકે ચડ્યું છે. ત્યારે આ દુર્ઘટનામાં રાજકોટના સી.પી રાજુ ભાર્ગવે મીડિયા સાથે વાતચીત કરીને માહિતી આપી છે. રાજુ ભાર્ગવે જણાવ્યુ હતુ કે, ઝડપથી આરોપીઓ પકડાઇ તે અંગેની કાર્યવાહી ચાલી રહી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, ફાયર એનઓસીની કાર્યવાહી હજી ચાલી રહી હતી તે પૂર્ણ થઇ ન હતી. રાજકોટના સી.પી, રાજુ ભાર્ગવે જણાવ્યુ છે કે, આ દુખદ દુર્ઘટનામાં ઝડપથી આરોપીઓ પકડાઇ તે અંગેની કાર્યવાહી ચાલી રહી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવી છે. એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશનની ટીમની પણ રચના કરવામાં આવી છે. આ ગુનાની ઝડપથી તપાસ કરીને ચાર્જસીટ કરવા માટે બનતા પુરાવા ભેગા કરીશું. આ માટે ગાંધીનગરથી એફએસએસની ટીમ આવેલી છે જે પણ પોલીસને તપાસમાં મદદ કરશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, ગેમિંગ ઝોનનું લાઇસન્સ વર્ષ ૨૦૨૩માં આપવામાં આવ્યુ હતુ જે પછી રિન્યુઅલ પણ કરવામાં આવ્યુ હતુ. આ અંગેની પરવાનગી પણ આપવામાં આવી હતી. આ સાથે તેમણે જણાવ્યુ કે, ફાયર સેફ્ટીના સાધનો પણ મુકવામાં આવ્યા હતા. ફાયર એનઓસીની કાર્યવાહી ચાલી રહી હતી જે હજી પૂર્ણ થઇ નથી. આ અંગેની કાર્યવાહી ચાલી રહી હતી. ફાયર એનઓસી નહોતી તો શા માટે પોલીસ વિભાગ દ્વારા પરમિશન આપવામાં આવી હતી તે સહિતના પ્રશ્નો પૂછતા રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જવાબ આપવાનું ટાળ્યુ હતુ.

# નમો લક્ષ્મી-નમો સરસ્વતી સ્કોલરશીપ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાશે

## પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ ચુકવવામાં આવશે હપ્તો, સોમવારથી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

શિક્ષણ વિભાગ દ્વારા નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજનાની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રથમ હપ્તાની ચુકવણી માટેનો નિર્ણય કર્યો હોવાનું માહતી મળી રહી છે. રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં શિક્ષણ વિભાગની બેઠક મળી હતી. જેમાં આ બંને યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને રૂ. ૮૫ કરોડનો પ્રથમ હપ્તો ૨૭ જૂનના રોજ ચુકવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૨૭ જૂનના રોજથી પ્રવેશોત્સવ હાથ ધરવામાં આવનાર હોવાથી પ્રથમ દિવસે જ હપ્તાની ચુકવણીનું આયોજન કરાયું છે. આ માટે સોમવારથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના અંતર્ગત રાજ્યની ૧૦ લાખ વિદ્યાર્થિનીઓ અને ધોરણ ૧૧-૧૨ સાયન્સનાં ૨.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને ૨૭ જૂનના રોજ પ્રથમ હપ્તાના રૂ. ૮૫ કરોડની ચુકવણી કરવામાં આવશે. ૨૭ જૂનના રોજ પ્રવેશોત્સવનું આયોજન કરાયું છે. તેના પ્રથમ દિવસે જ બંને યોજનાના પ્રથમ હપ્તાની ચુકવણી પણ કરી દેવાશે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં શિક્ષણ વિભાગની બેઠક મળી હતી. જેમાં આ અંગે નિર્ણય લેવાયો છે. ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય લેવાયા બાદ શિક્ષણ સચિવ દ્વારા તમામ જિલ્લાના શિક્ષણના અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવાની સુચના આપવામાં આવી છે. પ્રથમ હપ્તાની ચુકવણી માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે..આ સ્કોલરશીપ માટેનું પોર્ટલ તૈયાર કરી દેવાયુ છે. જેના માટે સોમવારથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. રજિસ્ટ્રેશન વર્ગ શિક્ષક દ્વારા કરવામાં આવશે. આમ, પ્રવેશોત્સવ શરૂ થાય તે દિવસ તમામ વિદ્યાર્થીઓને પ્રથમ હપ્તાની રકમ મળી રહે તે માટે પુરજોશમાં તૈયારીઓ શરુ કરાઈ છે. વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ માટે પ્રોત્સાહન મળે અને તેમાં પણ કન્યાઓ ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ મેળવે એ હેતુથી 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' યોજના જાહેર કરાઈ છે. 'નમો લક્ષ્મી' યોજના અંતર્ગત ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજે ૧૦ લાખ જેટલી વિદ્યાર્થિનીઓને ચાર વર્ષના અભ્યાસક્રમ દરમિયાન રૂ.૫૦ હજારની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ધોરણ-૯ અને ૧૦માં રૂ. ૧૦–૧૦ હજાર અને ધોરણ-૧૧ અને ૧૨માં ૧૫-૧૫ હજારની સહાય ચુકવાશે. આ વિદ્યાર્થિનીઓને પ્રથમ હપ્તા પેટે રૂ. ૬૬ કરોડની ચુકવણી કરવામાં આવશે. આ સિવાય નમો સરસ્વતી વિજ્ઞાન સાધના અંતર્ગત ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં ગુજરાત બોર્ડ અને અન્ય સંલગ્ન સ્કુલોના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ માટે રૂ. ૧૦ હજાર અને ધોરણ-૧૨ માટે રૂ. ૧૫ હજાર સહાય ચુકવાશે.

### હજારો કિલોમીટર દૂરથી મોત ખેંચીને રાજકોટ લાવ્યું

## લગનના ચાર દિવસ બાદ NRI કપલનું આગમાં મોત

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

ખુશીઓની રમત માટે ગયેલા બાળકો જિંદગીની રમત હારી ગયાં. આગકાંડમાં સૌથી વધુ માસૂમ બાળકોનો ભોગ લેવાયો છે. જે ૨૮ લોકોના મોતનો આંકડો સામે આવ્યો છે, તેમાં ૯ બાળકો છે. રાજકોટમાં વેકેશનની મજા બાળકો માટે મોતની સજા બની ગઈ છે. માસૂમ બાળકોના મોત થતા પરિવારજનોમાં ભારે આક્રંદ જોવા મળ્યો છે. આ ઘટના એટલી દુખદ છે કે, પરિવારજનો પોતાના સ્વજનોના મોતના મૃતદેહો પણ ઓળખી શક્યા નથી. લાશ એટલી હદે બળી ગઈ છે કે, DNA બાદ જ ખબર પડશે. લોકો હજી આગમાં પોતાના સ્વજનોને શોધી રહ્યાં છે. ત્યારે રાજકોટના ગેમઝોન આગમાં એક NRI પરિવારને હોમી લીધો છે. આ પરિવાર હજી થોડા દિવસ પહેલા જ અમેરિકાથી રાજકોટ આવ્યો હતો. રાજકોટના ગેમિંગ ઝોનમાં લાગેલી આગમાં ૨૮ લોકો જીવતા ભૂંજાયા છે. હજી કોઈનો અત્તોપત્તો નથી લાગી રહ્યો. પરંતુ અમેરિકાથી રાજકોટ આવેલા એક પરિવારને આ આગકાંડ ભરખી ગયો. એનઆરઆઈ પરિવારના નવયુગલના હજી ચાર દિવસ પહેલા જ લગ્ન થયા હતા. ગેમઝોનમાં લાગેલી આગમાં પતિ-પત્ની અને સાળીનું મૃત્યુ થયું છે. ખ્યાતી સાવલીયા અને અક્ષય ઢોલરીયાનું મૃત્યું થયું છે. હજી ચાર દિવસ પહેલા જ આ કપલના લગ્ન થયા હતા. હજારો કિલોમીટર દૂરથી મોત ખેંચીને તેમને રાજકોટ લાવ્યું હોય તેવુ લાગી રહ્યું છે.

### ૯૯ રૂપિયાની સ્કીમે ૩૩ નિર્દોષોનો ભોગ લીધો

# રાજકોટની આગની ઘટનામાં આયોજકો સામે FIR દાખલ

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

રાજકોટમાં ગેમ ઝોનની આગના બીજા દિવસે આરોપીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં મૃત્યુઆંક ૩૩ સુધી પહોંચી ગયો છે અને આગ કયા કારણથી લાગી તેની તપાસ હજુ ચાલે છે. આ દરમિયાન ટીઆરપી ગેમ ઝોનમાં જેસીબી મશીનથી કાટમાળ દૂર કરવાનું કામ ચાલે છે. ગેમ ઝોનમાં સામાન્ય રીતે તગડી ફી હોય છે પરંતુ વેકેશનમાં વધુમાં વધુ લોકો ગેમ ઝોનમાં આવે તે માટે આયોજકોએ ૯૯ રૂપિયામાં એન્ટ્રીની સ્કીમ આપી હતી. તેના કારણે ભારે ભીડ થઈ હતી, ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા હતી નહીં અને આ આગ ફાટી નીકળી હતી. કથાકાર મોરારી બાપુએ પણ આ ઘટના પર દુખ વ્યક્ત કરીને મૃતકોના પરિવારજનોને પાંચ લાખ રૂપિયાની સહાય કરી છે. મોરબી કાંડ, હરણી તળાવ કાંડ અને હવે રાજકોટના ગેમ ઝોન અગ્નિકાંડના કારણે સરકારની ભારે ટીકા થઈ રહી છે. મોડી રાતે સરકારે બેઠકોનો દોર ચલાવ્યો હતો અને સવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથઆ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેના પછી આ મામલે પોલીસ એફઆઈઆર દાખલ છે જેમાં વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાયો છે. શનિવારના દિવસે આ ગેમિંગ ઝોનમાં ૯૯ રૂપિયાની ટિકિટ રાખવામાં આવી હતી જેનો ફાયદો લેવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પરિણામે જાનહાનિનો આંકડો ઊંચો રહ્યો છે. અનેક પરિવારોએ સ્વજનો ગુમાવ્યા છે અને કેટલાય હજુ મૃતદેહોને શોધી રહ્યા છે. પોલીસ મથકે એફઆઈઆરમાં ટીઆરપી ગેમ ઝોનના માલિક યુવરાજ સિંહ સોલંકી અને પ્રકાશ સોલંકી સહિત કુલ ૬ લોકો સામે એફઆઈઆર નોંધી છે.

## ગેમઝોનાંથી દારૂની બોટલ અને સિગારેટના પેકેટો મળ્યા

। (પ્રતિનિધી) રાજકોટ, તા.૨૬ ।

રાજકોટના ભડકે બળેલા ગેમઝોનમાં અગ્નિકાંડની ઘટનામાં અત્યાર સુધીમાં ૩૨ લોકોના મોત થયા છે અને દુર્ઘટનાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. રાજ્ય સરકારે એસઆઈટીની રચના કરીને તપાસ આદેશ આપ્યા છે. ત્યારે અગ્નિકાંડ મામલે વધુ એક ચોંકાવનારી બાબત સામે આવી છે. ગેમ ઝોનમાંથી દારુની બોટલો અને સિગારેટના ખાલી પેકેટો મળી આવ્યા છે, જેના કારણે અહીં દારૂની પાર્ટીઓ થતી હોવાની શંકાઓ ઉપજી છે. તપાસ દરમિયાન ગેમ ઝોનમાંથી દારૂની ખાલી બોટલો મળી આવી છે. આ ઉપરાંત સિગરેટના ખાલી પેકેટ પણ મળી આવ્યા છે. જ્યાં આટલી મોટી ઘટના બની ત્યાંથી દારૂની ખાલી બોટલો અને સિગરેટના પેકેટો મળી આવ્યા બાદ હવે એવી ચર્ચાઓ ચાલી રહી છે.

## ગેમઝોનમાં કામ કરતી દીકરીને ગુમાવતાં પરિવારનું હૈયાફાટ રૂદન

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

રાજકોટના કાળજું કંપાવનાર અગ્નિકાંડની આગ ભલે શમી ચૂકી હોય. પરંતુ, પરિવારજનોના હૃદયમાં ઉઠેલો આક્રોશ આંસુ રૂપે સતત બહાર નીકળી રહ્યો છે. કારણ કે વ્હાલસોયાઓએ એવી વસમી વિદાય લીધી છે કે તેમના અંતિમ દર્શન કરવાનું કે છેલ્લી ઘડીનું સ્નેહભર્યું વ્હાલ કરવાનું પણ પરિવારજનોને નસીબ નથી થયું. પરિવારજનોનો વિલાપ હચમાવનારો છે. ત્યારે આ દુર્ઘટનામાં ગેમઝોનમાં કામ કરતી ૨૦ વર્ષીય આશાએ પણ બાળકોને બચાવતા બચાવતા જીવ ગુમાવ્યો છે. ૨૦ વર્ષીય આશા છેલ્લા ૮ મહિનાથી ્ઈ ગેમઝોનમાં નોકરી કરતી હતી. ત્યારે શનિવારે ગેમઝોનમાં અચાનક આગ લાગતાં આ દીકરી બાળકોને બચાવવામાં લાગી ગઈ હતી. અંતે પોતે પણ આ અગ્નિકાંડમાં હોમાઈ ગઈ હતી. ૨૦ વર્ષની દીકરીને ગુમાવતાં પરિવાર શોકમગ્ન છે. પરિવારનું આક્રંદ હચમાવનારો અને હૃદયદ્રાવક છે. પરિવાર મૃતદેહની માંગ કરી રહ્યો છે અને સરકાર અને તંત્ર સામે બળાપો ઠાલવી રહ્યો છે.

# રાજકોટ અગ્નિકાંડ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘટનાસ્થળે પહોંચ્યા

। (એજન્સી) રાજકોટ, તા.૨૬।

રાજકોટના નાના મોવા રોડ પર આવેલ TRP ગેમ ઝોનમાં શનિવારે સાંજે ફાટી નીકળેલી આગમાં મૃત્યુઆંક ૩૩ પર પહોંચ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે, જેમાં નવ બાળકોનો પણ સમાવેશ થાય છે. શનિવારે સાંજે ચાર વાગ્યના અરસામાં આ ગેમ ઝોનમાં આગ ફાટી નીકળી હતી, આગ લાગી ત્યારે તેમાં મોટી સંખ્યામાં બાળકો સહિતના લોકો મોજૂદ હતા. રાજ્યકક્ષાના ગૃહમંત્રી હર્ષ સંઘવી શનિવારે રાત્રે જ રાજકોટ પહોંચી ગયા હતા, જ્યારે સીએમ ભૂપેન્દ્ર પટેલ આજે સવારે રાજકોટ પહોંચ્યા હતા જ્યાં તેમણે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. આ મામલે રાજકોટ પોલીસે ગેમ ઝોનના માલિક તેમજ સંચાલક સહિતના દસ લોકોને રાઉન્ડ-અપ કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર આ ગેમ ઝોનને યુવરાજસિંહ સોલંકી નામનો વ્યક્તિ ચલાવતો હતો જેની સાથે નિતિન જૈન અને યજ્ઞેશ પાઠક કામ કરતા હતા. આ મામલે પોલીસે શનિવારે મોડી રાત્રે જ FIR નોંધવાની તજવીજ હાથ ધરી હતી. ૩૩ નિર્દોષ લોકોના ભોગ લેનારો આ ગેમ ઝોન જરૂરી મંજૂરી વિના જ ચાલતો હોવાનું પણ તેમાં આગ લાગ્યા બાદ બહાર આવ્યું હતું. RMCના સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન જૈમિન ઠક્કરે જણાવ્યું હતું કે TRP ગેમ ઝોન ફાયર NOC વિના જ ચાલી રહ્યો હતો, તેમજ તેણે કોર્પોરેશનના મનોરંજન વિભાગ પાસેથી પણ કોઈ પ્રકારની મંજૂરી નહોતી મેળવી. ચોંકાવનારી વાત એ છે કે આ ગેમ ઝોન દોઢ વર્ષથી ચાલી રહ્યો હતો, તેનું મોટાપાયે બ્રાન્ડિંગ પણ થતું હતું તેમજ સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુન્સર્સ પણ તેનું માર્કેટિંગ કરતા હતા પરંતુ તેમ છતાંય જ્યાં રોજના સેંકડો લોકોની અવરજવર રહેતી હતી તેવા ગેમ ઝોન પાસે ફાયર ર્દ્ગઝ્ર જ નથી તે વાતની જાણે રાજકોટના ફાયર વિભાગ અને કોર્પોરેશનને જાણ જ નહોતી! ઉલ્લેખનીય છે કે, મોતને ભેટેલા મોટાભાગના લોકોના મૃતદેહ ઓળખી શકાય તેવી હાલતમાં જ ના રહ્યા હોવાથી તેમના DNA રિપોર્ટ કરાવવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.







## અમદાવાદ મેડિકલ એસોસિએશનના ડોક્ટર્સ દ્વારા પ્રિસ્ક્રિપ્શન સાથે અપાશે મતદાનનો મેસેજ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

આગામી દિવસોમાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે મહત્તમ મતદાન થાય તે દિશામાં ચૂંટણી તંત્રની સાથે સાથે અનેક એસોસિએશન, સામાજિક સંસ્થાઓ, એનજીઓ દ્વારા પણ વધુમાં વધુ મતદાન થાય તે દિશામાં પ્રયાસ હાથ ધરાયા છે. અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં એસોસિએશન સાથે જોડાયેલા નામાંકિત તબીબોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. આ ઉપરાંત ઉપસ્થિત સૌ તબીબોએ પોતાના મેડિકલ સ્ટાફ, મિત્રો તથા સ્વજનોને પણ અવશ્ય મતદાન કરવા પ્રેરિત કરશે તેવો સંકલ્પ પણ કર્યો હતો. વધુમાં, મતદાન પ્રત્યે જાગૃતિ આવે તેના માટે અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી હતી. જે અનુસાર તબીબો દ્વારા દર્દીઓને અપાતા પ્રિસ્ક્રિપશન પર અવશ્ય મતદાનનો સંદેશો આપવા એક વિશિષ્ટ સ્ટેમ્પ લગાડવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨